# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

Since 1925...

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૩મું

VOLUME : 21 • ISSUE : 8 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2018 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ : શ્રી સંવત ૨૦૭૪ ચાતુર્માસના દાતાશ્રીઓ



મણીબેન ખેતશી મોમાયા પરિવાર



લહેરચંદભાઇ



મણીબેન નવિનચંદ્ર મોતા પરિવાર



હંસાબેન મણીલાલ કુરૂવા પરિવાર



મનોજભાઇ



ધનલક્ષ્મીબેન પુનશી લોડાયા પરિવાર



વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર



તારાબેન હિરાચંદ નાગડા પરિવાર



રતનબેન હીરાલાલ લોડાયા પરિવાર



પીંકીબેન કમલેશ ધરમશી પરિવાર



ચંદનબેન ત્રિકમજી મૈશેરી પરિવાર



પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર



પ્રમિલાબેન લક્ષ્મીચંદ છેડા પરિવાર



મંજુલાબેન મુલજી મૈશેરી પરિવાર



નિરવ તથા વિપુલભાઇ



ચંદનબેન નારાણજી ગોસર પરિવાર



શ્રીકાંત ચિમનલાલ ધરમશી પરિવાર


પ્રેમિલાબેન ચંદુલાલ લોડાયા પરિવાર


તારાબેન નવિનચંદ્ર છેડા પરિવાર


નિર્મલાબેન દામજી ગાલા પરિવાર

## સહાયક દાતાશ્રીઓ


ઝવેરબેન પદમશી ખોના પરિવાર


વિજયાબેન હરીશ ડાઘા પરિવાર


નવિનચંદ્ર દામજી મોતા પરિવાર


શિલાબેન માણેકજી લોડાયા પરિવાર


દેવકાબેન હંસરાજ મોતા પરિવાર


ભાવનાબેન અમિત મોમાયા પરિવાર


કિલોલ પ્રમોદ મોમાયા પરિવાર


કાંતાબેન હીરાલાલ પટેલ પરિવાર


પુષ્પાબેન પ્રવિણચંદ્ર છેડા પરિવાર


તરલાબેન તારાચંદ મોતા પરિવાર


ભાવેશ નવિનચંદ્ર વોરા પરિવાર


નિર્મલાબેન પ્રફુલ લોડાયા પરિવાર


પ્રભાવંતીબેન મુલજી લોડાયા પરિવાર


મધુબેન લહેરચંદ ડાઘા પરિવાર


રમિલાબેન જવેરચંદ લોડાયા પરિવાર


મધુરીબેન મણીલાલ મોમાયા પરિવાર


લક્ષ્મીબેન લક્ષ્મીચંદ શિયાડ પરિવાર


પ્રમોદ હંસરાજ સોની પરિવાર

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**અંક નં. ૮**
**Date : 20-11-2018**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


## તંત્રી સ્થાનેથી

**સૌ પ્રથમ સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન**

વિ.સં. ૨૦૭૫નું વર્ષ સૌના જીવનમાં સુખ-શાંતિ-સમૃધ્ધિનું સંવાહક બને એવી શુભકામનાઓ.

જુલાઇ ૨૦૦૮ થી પ્રકાશ સમીક્ષાનું તંત્રીપદ શ્રી આર. આર. ભા એ સંભાળ્યું હતું. છેલ્લા એકાદ વર્ષથી તેમની ઇચ્છા હતી કે તંત્રીપદની જવાબદારીથી મુક્ત થાય પરંતુ, પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટના સભ્યોની વિનંતી અને આગ્રહવશ તેઓ તંત્રીપદની જવાબદારી સંભાળતા રહ્યા અને ગત એક વર્ષમાં અમને પ્રકાશ સમીક્ષાની વ્યવસ્થા તથા વહીવટ અંગે તાલીમ આપીને માહિતગાર કરતા રહ્યા. આપ જાણો છો તેમ ૨-૧૧-૨૦૧૮ થી નવા તંત્રીમંડળનું ગઠન થયું. જેમાં મારા સહયોગીઓ શ્રી કેસરસિંહ આણંદજી ખોના, શ્રી ઉદયન લાલજી શાહ અને શ્રી મુકેશ ભવાનજી શાહ (લોડાયા)નો સમાવેશ કરવામાં આવ્યો.

આર.આર. ભા પ્રકાશ સમીક્ષાની સાથે જ છે, પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત રહેશે અને પ્રકાશ સમીક્ષાના વાચકોને તેમની કુશળ કલમનો લાભ મળતો જ રહેશે. નવું તંત્રી મંડળ તેમને પ્રકાશ સમીક્ષાની રોજીંદી જવાબદારીઓમાંથી રાહત અપાવવા કાર્યરત રહેશે.

પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ તંત્રીઓ સ્વ. સનત્ભાઇ શાહ, શ્રી શૈલેશ શાહ અને શ્રી આર.આર. ભા.ના પગલે ચાલીને નવું તંત્રી મંડળ કે.ડી.ઓ. જ્ઞાતિની સેવામાં સમર્પિત રહેશે. જ્ઞાતિ હિતના સમાચારો તથા તથ્યો અમે કોઇપણ શેહ-શરમમાં આવ્યા વિના જ્ઞાતિ સમક્ષ પ્રકાશ સમીક્ષાના માધ્યમથી પ્રસ્તૂત કરીશું.

પ્રકાશ સમીક્ષાનું તંત્રીમંડળ સંપૂર્ણ જોમ-જુસ્સાથી જ્ઞાતિસેવાની સફરને સંનિષ્ઠ રીતે આગળ ધપાવવા પ્રતિબધ્ધ છે. જ્ઞાતિહિતની બાબતોને પ્રાધાન્યતા આપી, યથાયોગ્ય રીતે વાચકો સુધી પહોંચાડવાના તંત્રીમંડળના પ્રયાસને આપ સૌની અનુમોદના આવશ્યક છે. જ્ઞાતિજનોએ ભૂતકાળમાં આપેલો સ્નેહ અને સહયોગ સદૈવ મળતો રહેશે એવી શ્રધ્ધા છે.

**- હિરાચંદ દામજી દંડ**

### ચર્ચાને ચોતરે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઇમેઇલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય.

**- તંત્રી મંડળ**

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

**- તંત્રી મંડળ**

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229




**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## આર. આર. ને શુભેચ્છાઓ

પ્રકાશ સમીક્ષાના તંત્રી તરિકે એક દાયકાથી વધુ માનદ્ સેવા આપ્યા પછી શ્રી રાયચંદ રતનશી નાગડા નિવૃત્ત થાય છે. જ્ઞાતિના હિતમાં તેમના પરિશ્રમ અને સમર્પિતતા માટે ક.દ.ઓ. જ્ઞાતિ તેમની આભારી છે.

ભલે તેમનો તટસ્થ અને નિષ્પક્ષ અભિગમ બધાને રાજી રાખતા નહિ પરંતુ તે તો પત્રકારિતાનો એક ભાગ જ છે. પત્રકાર એક સમર્પિત નિરીક્ષક છે. પત્રકાર જ્ઞાતિથી દૂર નથી પણ ઘણીવાર પ્રસ્તૂત પ્રશ્નનું પોતાના દષ્ટિકોણથી તેમણે નિરીક્ષણ કર્યું છે.

વ્હાલા ''રા'' તમારી કારકિર્દીનું એક પ્રકરણ પૂરૂં થાય છે અને બીજું શરૂ થાય છે. તમને મળેલ નવા સ્વાતંત્ર્યને આવકારૂં છું. મને ખુશી છે કે જ્ઞાતિના ભલા માટે તમે લેખન ચાલુ રાખવાનું વચન આપ્યું છે તો તમારી નિવૃત્તિ ખરેખર તો જીવનમાં વધુ સારો ભાગ ભજવવા માટેની એક બઢતી છે. તમે આશાવાદ અને સખત પરિશ્રમનું ઉમદા ઉદાહરણ છો, જે ઘણાને માટે પ્રેરક બન્યું છે. શુભ ઉદ્દેશોની પ્રાપ્તીમાં તમે ક્યારેય થાકશો નહીં.

નિવૃત્તિ પછીના સાત્વિક જીવન માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

નવાં સ્વપ્નો કે નવા ધ્યેય હાંસલ કરવા માટે કોઇ વય મોટી નથી.

**- તિલકચંદ લોડાયા,** ચેન્નઇ

---

## પ્રકાશ સમીક્ષાને અભિનંદન

દાયકાથી પણ વધારે સમયથી તંત્રી તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપવા બદલ હું આર. આર. ને હાર્દિક અભિનંદન આપું છું. તેમના મંતવ્યો અને વિચારો સચોટ, અસરકારક અને પૂર્વગ્રહરહિત હતા જે સામાન્યતઃ કોઇની લાગણી દુભવતા નહિ. હું એમનો મૂક પ્રસંશક રહ્યો છું. તેમના ધારદાર શબ્દ ભંડોળનો પણ પ્રસંશક રહ્યો છું.

પ્રકાશ સમીક્ષાના સૂત્રધારના પદમાં પરિવર્તનને હું આવકારૂં છું અને તેમના સક્ષમ અનુગામી શ્રી હિરાચંદભાઇ દંડને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું, જેઓ આ નેક કાર્યને પર્યાપ્ત ઉમંગ અને સફળતાથી આગળ વધારવા કટીબધ્ધ છે. આપ સૌને નવું વર્ષ નિરાયમ, સંતોષજનક અને સારા અનુભવોથી ભરપૂર રહો તેવી શુભેચ્છા.

**- નિતીન લોડાયા,** કોઇમ્બતુર

## RR*ની કલમે*

# સંમેલનની કઇ ફળશ્રુતિ શેઠશ્રી નરશી નાથાને અર્પણ કરીશું ?

આ ડિસેમ્બરની ૨૩-૨૪-૨૫ના જ્ઞાતિનું ચતુર્થ સંમેલન કચ્છમાં નલીયામાં મળી રહ્યું છે. ૧૭૫ વર્ષ પહેલાં આ જ ગામમાં આપણા પ્રાતઃ સ્મરણીય મહામાનવ શેઠ શ્રી નરશી નાથાના નેતૃત્વમાં અને યજમાનપદે જ્ઞાતિમેળો ભરાયો હતો ત્યારે નલીયામાં નવનિર્મિત ચંદ્રપ્રભુજીના જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્ત બન્યું હતું. તે વખતે કચ્છ અને હાલારના ગામેગામથી જ્ઞાતિજનો નલીયામાં ઉમટ્યા અને ચારેકોર - સ્થાનિકમાં વસતી ઇતર પ્રજાઓ પણ - આપણા જ્ઞાતિજનોનાં જાણે ઉમંગભેર ઓવારણાં લઇ રહી હતી.

આજે, આ સંમેલન યોજાઇ રહ્યું છે ત્યારે, આપણી જ્ઞાતિની જખૌ, સુથરી, તેરા, નલીયા અને કોઠારાની પાંજરાપોળોના સંચાલકોએ આપેલ સંયુક્ત જાહેરાત પ્રમાણે (શબ્દશઃ) **'અબડાસામાં વરસાદ થયો જ નહીં, દુષ્કાળના એંધાણ છે, પરિસ્થિતિ ખૂબ જ વિકટ સર્જાઇ છે. સીમ સુક્કી ભઠ્ઠ છે, તળાળ કુવામાં પાણી નથી, ઘાસચારો દૂર ગુજરાત-મહારાષ્ટ્રથી મંગાવવો પડે છે, અબોલા ઢોરો-પક્ષીઓ પોતાની જિંદગી બચાવવા આંસુ સારી પોકાર કરી રહ્યા છે, આપશ્રીઓ પાંચ મિનિટ આંખો બંધ કરીને વિચારશો તો અબોલ પશુઓનો ચિત્કાર સંભળાશે. તમને પશુઓ કંઇક કહી રહ્યા હોય એવો આભાસ થશે'** - આવી અપીલો કરાઇ રહી છે, જેમાં સંમેલનના પ્રમુખશ્રી પણ જોડાયા છે તે પણ એક વરવી હકીકત છે.

બીજી બાજુ, સમસ્ત મહાજનના સંચાલકો હરખપદૂડાં બનીને સંમેલનના આયોજન માટે પાણીની કતારબંધ ટેન્કરો, મંડપના સાજ-શણગાર, યુવાઓ અને મહિલાઓના અલગ અલગ ડોમ (ગુંબજ)ની રચના, સ્ટેશનો અને વિમાનમથકથી ઉતારા અને સંમેલન સ્થળે લેવા-મૂકવા માટે ૨૫૦-૩૦૦ કાર-ટેક્ષીઓના કાફલાની જમાવટ અને સુવિધાઓ-સરંજામ માટે મસમોટા ખર્ચાઓ કરી રહ્યા છે અને તેમને હોંકારો આપતા હોય તેમ વિવિધ શહેરો-મહાનગરો -ગામોમાંથી આપણા મહદઅંશે સાધન-સંપન્ન, ખમતીધર, સ્થિતિપાત્ર જ્ઞાતિજનો અને મહાજનોના અનેક પ્રતિનિધિઓ તેમજ વિવિધ સમિતિઓના બહુસંખ્ય સભ્યો ''સંમેલનમાં બધા મળશે, હળીશું-મળીશું, ફરી ક્યારે આવો અવસર મળશે''ની લહેરો-તરંગોથી સંમેલનમાં પહોંચી જવા અધીરા બન્યા છે.

ગત તૃતીય સંમેલન (૧૯૯૧) વખતે મુંબઇમાં પણ મોટે ભાગે આ પ્રકારનું જ વાતાવરણ હતું અને વધારામાં, જ્ઞાતિના પ્રતિષ્ઠિત અને સર્વાધિક માનીતા કેટરરની સેવાઓનો લ્હાવો જ્ઞાતિજનોને મળ્યો તે વળી છોગામાં. છેવટે સંમેલન પછી તેમનું બીલ ચૂકવવાની જવાબદારી આવી તો પદાધિકારીઓએ પીઠ ફેરવી દીધી જે આજ દિન સુધી ચૂકવાયું નથી. આજે તેમની એ રકમનું લેણું ૩૫-૪૦ લાખથી ઓછું ન થાય. તેમણે તો, બીલની ચૂકવણી થાય તો ત્યારે ને ત્યારે જ એ રકમ સમસ્ત મહાજનને જ તેઓ પાછી વળતી અનુદાનમાં આપી દેશે ત્યાં સુધી ઉદારતા બતાવી. આજે આ આગામી સંમેલન માટે વિવિધ અનુદાનો જાહેર થઇ રહ્યા છે ત્યારે પણ પોતાની બાકી લેણી નીકળતી રકમ માટે સમસ્ત મહાજનના અધિકારીઓ પાસે માગણીનો એક હરફ પણ ન ઉચ્ચારવાની તેમની શાલીનતા, શેઠશ્રીના ગામમાં આ સંમેલન યોજાઇ રહ્યું છે ત્યારે તો ખાસ ઉલ્લેખનીય બને છે. (આ મહાનુભાવનું નામ એટલે નથી લખ્યું કે કદાચિત તેમને તે ન ગમે. ક્ષમસ્વ.)

આ બધી પરસ્પર વિરોધાભાસી ગતિવિધિઓ સંમેલન પછી પણ જુદા જુદા સંદર્ભે ચર્ચાતી રહેશે તે ચોક્કસ છે.

અત્યારે તો થોડા દિવસોથી સમસ્ત મહાજનના સંબંધિત પદાધિકારીઓ ને ખરડા સમિતિના સભ્યો સંમેલનમાં પ્રસ્તાવિત કરવાના ઠરાવોના મુસદ્દા તૈયાર કરવાની વિધિ-કાર્યવાહીને અગ્રતાક્રમ આપી રહ્યા છે ત્યારે તે વિષેની વિચારણા પ્રસ્તુત બની છે.

### સમાચાર-જાહેરાતની મેટરો અગાઉથી મોકલવી

પ્રકાશ-સમીક્ષા પાક્ષિક દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થતું હોવાથી અમને અનુક્રમે ૩ અને ૧૮ તારીખ પછી મળેલ મેટરો કે સમાચારોનો અંકમાં સમાવેશ કરવાનું મુશ્કેલ બને છે. આમ છતાં, મોડેથી આવેલ મેટરો-જાહેરાતો લેવા શક્યતઃ પ્રયત્નો કરીએ છીએ પરંતુ પ્રિન્ટીંગ પ્રેસ, બાઇડીંગ ખાતું, પોસ્ટલ વિભાગની ચોક્કસ તારીખો અને જાહેર રજાઓ જેવા પરિબળોને કારણે તેવી મોડેથી મળેલ મેટરો લઇ શકાતી નથી.

'સમસ્ત મહાજન' એ જ્ઞાતિનું સર્વોપરિ કે સર્વોચ્ચ મહાજન નથી તે મૂળભૂત હકીકત જ સંમેલનના ઠરાવો માટે એક લક્ષ્મણરેખા બની જાય છે. આને કારણે આ ઠરાવોમાં કોઇ પણ મહાજન કે સંસ્થાને કોઇ પણ પ્રકારની સૂચના કે આદેશ આપી શકાતા નથી, એટલે છેવટે આ ઠરાવો ભાવનાત્મક સ્વરૂપમાં અનુરોધ, ભલામણ કે આગ્રહ માત્ર વ્યક્ત કરી શકે છે, તેથી વિશેષ કાંઇ નહીં. છેવટે, આ ભાવનાઓ અને અભિલાષાઓ કોઇ પણ મહાજન કે સંસ્થાને બંધનકર્તા ન હોવાથી તે કાગળ પર જ રહી જાય છે જેમ અત્યાર સુધીના ત્રણે સંમેલનના ઠરાવોનું બન્યું છે તેમ.

અલબત્ત આ વખતે, સમસ્ત મહાજનના મુખ્ય સૂત્રધાર અને જેમણે જ્ઞાતિજનોના સર્વાંગી ઉત્કર્ષ માટે અને સાથે સાથે જ્ઞાતિની પ્રતિમાને ઉભારવાના આશયથી આ સંમેલનને પોતાના એકલપંડે ખભે ઊંચક્યો છે તે સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડ સંમેલનમાં પ્રસ્તાવિત થનાર ઠરાવો અન્વયે જ્ઞાતિ મહાજનો ખરા અર્થમાં પરસ્પર સમન્વયી અભિગમમાં પ્રવૃત થાય તે હેતુ બર લાવવા કૃતનિશ્ચિયી છે.

એટલે આ સંમેલનમાં નિશીથભાઇ તરફથી ઠરાવો ઉપરાંત સમગ્ર જ્ઞાતિને આવરી લેતી વિસ્તૃત પાયાની યોજનાઓ અને પ્રકલ્પોની ઘોષણા થશે તેની પણ પૂરેપૂરી સંભાવના છે. અલબત્ત આ સંદર્ભે એ ઉલ્લેખનીય છે કે સમસ્ત મહાજનના ઉપક્રમે ગયા વર્ષે લીડરશીપ સમીટ યોજાયેલ તેમાં જ્ઞાતિ અગ્રણીઓ અને પદાધિકારીઓ સમક્ષ જ્ઞાતિની સર્વદિશીય પ્રગતિ માટેની પરિકલ્પના તેમણે રજુ કરી હતી તેને ઘણો ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો પરંતુ તે પછી જ્ઞાતિના મહાજનોના સંચાલકો તે વિચારધારાને પોતાના સભ્યો-જ્ઞાતિજનો સુધી વિસ્તરીત કરવા બાબતે તદન ઉદાસીન રહ્યા. આ આપણી ખાસિયત રૂપી મનોદશા આ સંમેલન પછી રખેને ચાલુ રહે તેવી ભીતિ પણ સેવાઇ રહી છે તેનો ઉકેલ આ સંમેલનમાં કેવી રીતે લાવવામાં આવશે તે પર સૌ વિચારશીલ જ્ઞાતિજનોની મીટ મંડાઇ છે.

એટલે, સમસ્ત મહાજનના બંધારણમાં તેના ઉદેશોનું માળખું જે રીતે મર્યાદિત અને સીમિત છે તે જોતાં, આગામી સંમેલનમાં, દરેક દરેક ૧૧૦ મહાજનો જ્ઞાતિ ઉત્કર્ષમાં સકારાત્મક સક્રિયતાથી યોગદાન આપવા માટે સંનિષ્ઠ અને પ્રતીતિજનક સંકલ્પ કરે તે પ્રકારનો ઉપહાર નિશીથભાઇને આપશે તો જ સંમેલનની ફળશ્રુતિ અંગે થોડો ઘણો સંતોષ લઇ શકાશે.

'સમસ્ત મહાજન'નું બંધારણ ઘડાયું હતું તે વખતે અને આજે પણ એ વાસ્તવિકતાનો સ્વીકાર થવો જોઇએ કે જ્ઞાતિનાં ૧૧૦ જેટલાં મહાજનો પોતપોતાની સામાન્ય સભામાં સમસ્ત મહાજનને સર્વોપરિ મહાજન તરીકે સ્વીકારીને તેને પોતાની મિલકતો અને ફંડોના વહીવટ સંદર્ભે કોઇ પ્રકારની સત્તા કે અધિકાર સોંપી દે અથવા તો તે બાબતે કોઇ બાંહેધરી આપે તે નજીકના કે દૂરના ભવિષ્યમાં પણ શક્ય નથી. ૭૦-૭૫ વર્ષ પહેલાં મહારાષ્ટ્રના (તે વખતના મુંબઇ) અને અન્ય રાજ્યોના મહાજનો મુંબઇ મહાજનની સર્વોપરિ સત્તા અને હકુમત હેઠળ પ્રાંતીક મહાજન તરિકેની ઓળખથી પોતાની પ્રવૃત્તિઓ કરતા હતા પરંતુ ક્રમશઃ મુંબઇ મહાજને જોહુકમી જેવું વલણ અપનાવતાં, આ સર્વ પ્રાંતીક મહાજનોએ મુંબઇ મહાજનનું ઉપરીપણું ફગાવી દીધું અને સ્વતંત્ર મહાજન તરિકે પોતાનું વ્યક્તિત્વ ઊભાર્યું, જે આજ સુધી સ્વાભાવિક સૌ મહાજનો સ્વાયત્ત છે.

આ તો મહાજનોની વાત થઇ. જ્ઞાતિના જે ટ્રસ્ટો અને સંસ્થાઓ છે તેના વહીવટકારો પણ પોતાની મિલકતો અને ફંડો બાબતે સમસ્ત મહાજનને કોઇ પણ જાતની સત્તા આપવાનું કે બાંહેધરી આપવાનું નહીં સ્વીકારે એ પણ એક નક્કર વાસ્તવિકતા છે.

અત્રે એ સૂચક બને છે કે આજે અનંતનાથજી ટ્રસ્ટને 'અનંતછાયા'ની મિલકતની વેચાણ કિંમતના રૂા. ૪૦-૪૫ કરોડના કોર્પસ ફંડના વ્યાજની વાર્ષિક ત્રણેક કરોડની આવક મળે છે. તેના ઉપયોગ વિષે આ સંમેલનમાં કોઇ અનુરોધાત્મક ઠરાવ પણ લાવવાનું ખરડા સમિતિ કે વિષય વિચારણા સમિતિ અનુચિત જ ગણશે.

આમ 'સમસ્ત મહાજન'ને સર્વોપરિતા બક્ષીને તેને સશક્ત કે સક્ષમ બનાવાય અને તે રીતે સંમેલનમાં કોઇ મોટા ખર્ચ કે ફંડ ધરાવતી પરિકલ્પના-આયોજન મહાજનો-ટ્રસ્ટોના સહકારથી સાકાર બને તે શક્ય નથી, સિવાય કે સમસ્ત મહાજન પોતે જ આવા આયોજન માટે પોતાના સ્વતંત્ર ફંડ ઊભા કરવાનો સંમેલનમાં નિર્ણય લે અને તેનો વહીવટ કરે.

આ સંમેલન તો જ થોડું ઘણું સાર્થક બનશે જો તેમાં સમસ્ત મહાજનને ઓછામાં ઓછા પાંચેક કરોડના ફંડો માટે વિવિધ અનુદાનોનાં વચનો મળે. આટલું થશે તો જ જ્ઞાતિજનો અને જ્ઞાતિ મહાજનો સમસ્ત મહાજનને એક વિશ્વસનીય કેન્દ્રીય સંસ્થા તરિકે સ્વીકારે છે તેની પ્રતીતિ થશે.

આ બધા મુદ્દાઓ છેવટે જે એક જ કેન્દ્રબિંદુ તરફ વળે છે તે છે સંમેલનની ઉપયોગિતા કે યથાર્થતા અને તે સાથે જ

કોઇ મહાજનની સંમેલનના યજમાન મહાજન તરિકે વરણી કરવી તે.

જ્ઞાતિના અનેક વરિષ્ઠ અગ્રણીઓનો સ્પષ્ટ અભિપ્રાય છે કે જે યજમાન હોય તેણે પોતાના ખર્ચે જ મહેમાનોની આગતા સ્વાગતા કે સરભરા કરવાની હોય, નહીં કે પરોક્ષ રીતે મહેમાનોને જ આ સરભરા માટે અનુદાન આપવા આજીજી કરવાની હોય.

આ સંમેલન અંગે રાયપુર મહાજને સમસ્ત મહાજનને ફરિયાદ કરી છે કે છએક વર્ષ પહેલાં સમસ્ત મહાજને રાયપુર મહાજનને ૨૦૧૪ના જ્ઞાતિ સંમેલનના યજમાન મહાજન તરિકે નિમણુંક કરતો ઠરાવ કરેલો પરંતુ મુંબઇ મહાજન દ્વારા ૨૦૧૫ થી ૨૦૨૦ના વર્ષો માટેની અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ચુંટણીની તારીખો સાથે સુમેળ થતો ન હોવાથી તે સંમેલન મુલતવી રાખવું પડ્યું પરંતુ તે પછી સમસ્ત મહાજનની મહાસમિતિમાં સંમેલન બોલાવવાની વિચારણા થઇ ત્યારે રાયપુર મહાજનને કોઇ પૂર્વજાણ કર્યા વિના નલીયા મહાજનને સંમેલનનું યજમાન પદ કેમ આપવામાં આપ્યું ? આ ઉપરાંત, રાયપુર મહાજને તે પ્રસ્તાવિત સંમેલન માટે પૂર્વ તૈયારીઓ કરેલ તેનો પંદરેક લાખ જેટલો ખર્ચ થયો હતો તે સમસ્ત મહાજને ભરપાઇ કરવો જોઇએ, તેવી માગણી પણ કરી છે.

આમ સમસ્ત મહાજનના બંધારણમાં સંમેલન યોજવા મહાજનો તરફથી અરજીઓ મંગાવીને યજમાન મહાજનની નિયુક્તિ કરવાની જોગવાઇ જ રદ કરવા પાત્ર છે. યજમાન મહાજન સંમેલનના કુલ્લ ખર્ચના દસ ટકા હિસ્સા માટે પણ સમર્થ ન હોય અને બાકીના ખર્ચ માટે સમસ્ત મહાજને જ પ્રયત્નો કરવાના હોય તો તેનો કોઇ અર્થ નથી. હકીકતમાં, સમસ્ત મહાજનના પદાધિકારીઓએ છેલ્લા પાંચેક મહીના દરમ્યાન જ્ઞાતિના વિવિધ શહેરો, મહાનગરોમાં સંમેલનાર્થે સંપર્ક સભાઓ યોજી હતી તેમાં પણ મુખ્યતઃ સંમેલનના ખર્ચ માટે અનુદાન આપવાની જ્ઞાતિજનોને વિનંતિઓ કરાઇ હતી તે સુવિદિત છે.

તે રીતે, સમસ્ત મહાજન પોતાના ખર્ચે જ સંમેલન બોલાવે તેવી જોગવાઇ બંધારણમાં થવી જોઇએ, તેમજ દર દશ વર્ષે સંમેલન યોજવાનું ફરજિયાતપણું પણ બંધારણમાંથી રદ થવું જોઇએ. બીજી રીતે વિચારીએ તો આ સંમેલન ૨૭ વર્ષ પછી મળી રહ્યું છે તેમાં જો મુખ્યતઃ જ્ઞાતિને વિશાળ સ્તરે સ્પર્શતી યોજનાઓ કે કાર્યક્રમોની જાહેરાતો થશે, તો આ હેતુઓ તો સંમેલન બોલાવ્યા વિના પણ આજના અત્યંત આધુનિક ઉપકરણો મારફત પણ દરેકે દરેક જ્ઞાતિજનને યોગ્યતઃ જાણકારી આપીને પણ સાધી શકાય છે.

એટલે જ, છેવટે 'સંમેલન'ની નિયતિ, આવા બિનઅસરકારક ઠરાવો અને જ્ઞાતિ ઐક્યને સુદૃઢ કરવા સંકલ્પની ઘોષણામાં તેમજ કોઇ મોટી યોજનાઓની જાહેરાતમાં જ ન પરિણમે પરંતુ જ્ઞાતિના યુવાઓ અને મહિલાઓ પણ એવા સ્વતંત્ર માળખા બનાવે જે અન્યોન્ય સાથે સાતત્યપૂર્વકની અર્થપૂર્ણ સંપર્કસૂત્રતાના સશક્ત માધ્યમો બને તેવો કોઇ કાર્યક્રમ સંમેલનમાં જાહેર થાય તેવું ઇચ્છીએ.

બાકી, આવા વિકટ અભાવોની પરિસ્થિતિમાં પોતાના જ ગામમાં યોજાયેલ આ દોરદમામ ખર્ચાળ સંમેલનની તડામાર તૈયારીઓને પોતાની અનંતનાથજી જિનાલય અને નલીયા ચંદ્રપ્રભુજી જિનાયલમાં પ્રતિમાઓના માધ્યમે નીહાળી રહેલા શેઠશ્રીની વિવશતાના અશ્રુઓ કોને કોને દેખાશે?

**- RR**

**નોકરી ખાલી છે** અંગેની ટુંકી જાહેરાત નિઃશુલ્ક છપાશે

**"Immediate Hiring for Lead/Senior PHP Developer @ HNR Tech"**

Core job responsibilities includes
• Architecting & Programming Complex Web Applications in PHP Based Frameworks
• Integration with 3rd Party APIs

Must be excellent at Written English communication and should have a strong accumen to for the technology.
Experienced candidates are welcome.
Best Salary as per Industry Standards.
Job Location: Matunga CR (E)
Work Days: Mon-Fri (5 Days working)
Work Hours: Flexible
Send in your resume on careers@hnrtech.com
For any questions, contact Pranjali on **+91 98924 43147**

**શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ**

શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ એની ઘાટકોપર શાખા તથા હેડઓફિસ ના રિનોવેશન માટે ઇન્ટેરિયર ડીઝાઇનર / કોન્ટ્રાક્ટરની નિમણુંક કરવા ઇચ્છે છે. ઇચ્છુક પાર્ટીએ બેંક ના સી.ઇ.ઓ. નો સંપર્ક કરવા વિનંતી.

**8652630391**
**kiran.patel@arihantbank.com**

॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન (રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦ : ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

શ્રી જખૌ મહાજન Estd.1966

### વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા. ૦૮-૧૨-૨૦૧૮**, સાંજના ૬.૩૦ કલાકે **લાયનસ કલબ ઓફ મુલુંડ**, વી. પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ -૪૦૦ ૦૮૦. ખાતે રાખવામાં આવેલ છે.

**એજન્ડા : કાર્યસુચી :-**

૧) ગત મિનિટસનું વાંચન અને બહાલી
૨) મહાજન ના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી
૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટેડ હિસાબોની રજુઆત
૪) મહાજન ના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ ના ઓડીટર નિમણુક બાબત
૫) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા
૬) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયોપર ચર્ચા - વિચારણા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી **પ્રમુખ શ્રી : કાંતિલાલ કરમશી વિકમશી**

**લી. માનદમંત્રીઓ : જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપસી ડુંગરશી હેફા**

**નોંધ : વર્ષ ૨૦૧૭-૨૦૧૮ મહાજન તેમજ ટ્રસ્ટનાં હિસાબી ચોપડા (ઓડીટેડ) હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, મધ્યે મહેતાજીને લખાણમાં આપી અને શુક્રવાર તા. ૩૦-૧૧-૨૦૧૮ સુધી જોઇ શકો છો.**

નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

## : યાત્રા પ્રવાસ : ૨ રાત્રી ૨ દિવસ : સાપુતારા, વણી, દેવલાલી

જાન્યુઆરી શુક્રવાર તા. ૪-૧-૨૦૧૯ ના રાત્રે ૧૧.૩૦ કલાકે અતીથી હોટલ, મુંલુડ (વેસ્ટ) સ્ટેશન પાસે થી (**૨x ૨ એ.સી બસ**) દવારા ઊપડશે.

શનિવાર તા. ૫-૧-૨૦૧૯ સાપુતારા દર્શન- સેવા - પુજા, સાઇટસીન, રાત્રી રોકાણ

રવિવાર તા. ૬-૧-૨૦૧૯ સાપુતારા દર્શન- સેવા - પુજા, નવકારશી, વણી દર્શન, નાસીક, દેવલાલી દર્શન, ચોવીહાર પ્રસથાન

મુબંઇ આગમન રાત્રે ૧૦.૦૦ કલાકે

વહેલો તે પહેલાનાં ધોરણે ૧ બસનાં નામ લખવામાં આવશે.

**Contact : Jayantilal Meisheri - 98197 48250**

---

**(પલ્બીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E-9687)** શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર।।

## શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસૂરિ સ્મારક ટ્રસ્ટ

યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મહારાજ

૩૪, ખડક સ્ટ્રીટ, ૧લે માળે, રૂમ-૬૦, મુંબઈ-૪૦૦ ૦૦૯.

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ-૩૭૦ ૪૦૫. ફોન : ૦૯૯૬૯૧ ૮૪૩૭૭ / ૯૩૭૩૪ ૫૧૪૧૪

### શ્રી મહાકાલી ભક્તિ ઉત્સવ ૨૪મું વરસે આમંત્રણ

અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીના ૨૪મું મહાપૂજન ઉત્સવ મહાસુદ ૫, **રવિવાર તા. ૧૦-૦૨-૨૦૧૯** શ્રી ભાંડુપ મેવાડ કેશરી ભવન સ્થાને સવારના ૮ થી ૨ રાખેલ છે. યોગાનુયોગ આપણા વંદનીય પૂજ્ય યતિશ્રીના ૭૫માં જન્મદિન હોઈ દેવ-ગુરૂ ભક્તિ ઉત્સવ મુંબઇ સ્થાને બિરાજતા અચલગચ્છના પૂજ્યોને વિનંતી કરેલ છે. તેમના દર્શન-વંદન-મંગલ આશીર્વાદ ભાવિકોને મળશે.

### ૨૪ વરસના સહયોગી દાતા પરિવારોની અનુમોદના

**૧) માતુશ્રી લખમીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર**, મુલુંડ-સુથરી, **૨) માતુશ્રી મધુરીબેન પ્રતાપ ધરમશી** હ. **સંકેત ધરમશી**, મુલુંડ-સુથરી, **૩) માતુશ્રી ઝવેરીબાઇ શામજી દંડ**, મુલુંડ-સુથરી, **૪) માતુશ્રી ચંપાબાઇ હંસરાજ ડાઘા** હ. **હીરાલાલ ડાઘા**, માટુંગા-વરાડીયા, **૫) અ.સૌ. મધુબેન લહેરચંદ ડાઘા**, ભાંડુપ-વરાડીયા, **૬) એક સદ્‌ગૃહસ્થ** હ. અમીત મોમાયા

**હજી કોઇ ભાવિકને દાતા થવા ભાવના હોય ૧૨૪૦૦૦ જણાવશો જેમને પૂજન-પહેડી-આરતી-અલંકાર સહિત બધા લાભ પરિવારને અપાશે.**

**મહાકાલી પૂજન : ૮ થી ૧૦.૩૦, ગુરૂવંદના સંગીત : ૧૦.૩૦ થી ૧૧.૧૫, પહેડી મહાઆરતી : ૧૧.૧૫, ભક્તિ સંગીત : ૯.૩૦ થી ૧.૩૦, દર્શન-વંદન-પ્રસાદ-સાધર્મિક ભક્તિ ૧૧.૩૦ થી ૨ સૌને પધારવા આમંત્રણ**

સંગીત માની ભક્તિ **શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર મૈશેરી, શ્રી મુકેશ મૈશેરી, અ.સૌ. ચેતના હરિયા અન્ય કલાકારો** અનેરી ભક્તિ રમઝટ રેલાવશે. **શ્રી પૂજ શ્રી જિનેન્દ્ર સૂરિ સ્મારક ટ્રસ્ટ (રજી.)** માનવતા-શૈક્ષણિક-મેડિકલ-જીવદયા-ભુજપુર મંદિરની પ્રવૃતિ ચાલે છે. આપ સૌસહયોગી થઇ લાભ લેશો

વંસત પંચમી ૧૦-૨-૨૦૧૯ ભાંડુપ સ્થાને સૌ ભાવિકો-ગુરૂભક્તો-બહારગામના મા ભક્તોને પધારવા આત્મિય આમંત્રણ.

**લી. યતિશ્રી, મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ. જય જય શ્રી મહાકાલીમા**



# સંવાદ

**સૂચનો :** આપની સર્વે યોજનાનો અભ્યાસ કર્યો પછી, તેની બેહતર સિધ્ધી માટે હું મારા અંગત સૂચનો આપુ છું. તે સારી ભાવનાથી લેશો.

**– તિલકચંદ લોડાયા**, ચેન્નઇ

## સંમેલન યોજનાનો દષ્ટિકોણ



- સંમેલનની યોજના વિષે અને સમસ્ત મહાજન અપેક્ષ બોડી (Apex Body)ના ભાગ વિષે તેમજ ક.દ.ઓ. સમાજની વિવિધ સંસ્થા વિષે તિલકભાઇએ કરેલ અંગત સૂચનો (WA-PS-82) ઉપર મહાજનના જનરલ સેક્રેટરી શ્રી નિશિથ દંડના વિચાર.
- દશકાઓથી તમે જ્ઞાતિ સેવામો જે ખૂબ કામ કરી રહ્યા છો તે બદલ સૌ પ્રથમ તમને ધન્યવાદ. તમારો હાલનો વોટ્સઅપ સમાચારનો પ્રારંભ પણ સરસ છે, અને આપણા સમાન હેતૂમાં જરૂર મદદરૂપ છે. તમારા સૂચનો ને સવાલો પણ સારા છે અને સારી ભાવનાથી લેવાયલ છે. કેટલીક બાબતો છે જે સવાલના જવાબ આપવા છે અને કેટલીક બાબતો જણાવવાની છે. જોકે મારે વોટ્સઅપ ને સંદેશ વાહક નથી બનાવવું. સવાલો પૂછાયા છે તો મારી નૈતિક ફરજ છે કે તેના જવાબ આપવા.

**– નિશિથ દંડ**, વડોદરા

તિ. ૧) આ યોજનામાં ધારી લીધું છે કે સમસ્ત મહાજન અપેક્ષ બોડી (Apex Body) તરિકે કામ કરશે અને બધા રાષ્ટ્રીય સ્તરેના કાર્યક્રમો સંભાળશે. હવે મહાજન જે બંધારણમાં સર્વોપરી છે તે આ વ્યવસ્થા સ્વીકારશે ? આમાં જુની વિગતો અને અનુભવનો પણ વિચાર કરશો.

નિ : ૧) સમસ્ત મહાજન, મહાજનો દ્વારા જ, મહાજનો માટે બનાવેલ છે. આ પદ્ધતિમાં મહાસમિતિના પ્રતિનિધીઓ જે મહાજનનું પ્રતિનિધિત્વ કરે છે તેથી અપેક્ષ બોડી (Apex Body) વગેરેના સવાલ ઉભો થતો નથી. સમસ્ત સંસ્થા છે જે મહાજનો દ્વારા-મહાજનો માટે જ બનેલ છે. બીજી રીતે આપણે બધા સમસ્ત છીએ. મહાજન જ નક્કી કરે છે શું કરવું અને શું નહીં, જેથી મહાજન સ્વીકારની બાબત ઉભી થતી નથી. સમસ્તના બધાજ કાર્યક્રમો મહાજન માટે જ છે.

તિ. ૨) આ પ્રાસ્તાવિક વ્યવસ્થામાં, પ્રાદેશિક એકમોનો જરા પણ વિચાર કર્યો નથી, તેનું શુ થશે ?

નિ : ૨) પ્રાદેશિક એકમોને પૂરી રીતે વિચારેલ છે, તમને જલ્દી જ બંધારણમાં બદલાવ જણાશે અને તેમને સંમેલનમાં નિમંત્રણ આપવામાં આવેલ છે.

તિ. ૩) દાયકાઓથી જ્ઞાતિ સ્તરે એકમ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ યોજવામાં સક્રિય ભાગ ભજવી રહ્યું છે જેમ કે યુવા-મિલન યુથ એક્ષચેન્જ, યાત્રાઓ, સંમેલનો વગેરે. આમા વિખવાદ નહિં થાય ? અને એક પ્રકારના સહકારનો સવાલ પણ રહેશે.

નિ : ૩) વિખવાદનો કોઇ સવાલ નથી, આપણે બધા જ્ઞાતિ સેવા માટે જ કામ કરી રહ્યા છીએ. સમસ્તના કાર્યક્રમો રાષ્ટ્રીય સંગઠન અને સશક્તિકરણ માટે જ છે. એકમો સરસ કામ કરી શક્યા છે અને કાર્યક્રમ ચાલુ જ રાખશે. સમસ્તનું કામ છે કેન્દ્રીય રીતે જોવું અને દા.ત. વિવિધ પહેલ ને સશક્ત કરવી. વાસ્તવમાં કાર્યક્રમ માટેની પદ્ધતિ હંમેશા ચાલુ નથી રહેતી એ સત્ય છે. આપણી પદ્ધતિમાં જરૂરી છે કે કાર્યક્રમનું સાતત્ય જળવાઇ રહે. રાષ્ટ્રીય કાર્યક્રમો એજ રીતે બનાવેલા છે. નેશનલ જોબ ફેર, નેશનલ ટેલન્ટ હન્ટ, જે બધાજ પ્રદેશોમા એકજ રીતે, એકજ સ્તરે થાય. આ કાર્યક્રમની પરંપરામાં મદદરૂપ થશેજ. ઉપરાંત મજબૂત છબી ઉભી કરશે. બીજું ઉદાહરણ છે, ''ભારતીય સ્વચ્છતા મીશન'' સેન્ટ્રલ ગવર્નમેન્ટે કહ્યું તે પહેલા ઘણા રાજ્યમાં સારી રીતે ચાલતુ હતું. પણ કેન્દ્રીય મીશને તેને જોર આપ્યો.

તિ. ૪) ઘણી સુસ્થાપિત સંસ્થાઓ, એસોશિયન અને પબ્લિક, પ્રાયવેટ ટ્રસ્ટ, વરીષ્ઠ નાગરિક સહાય યોજના વગેરે શૈક્ષણિક ક્ષેત્રમાં સારૂં કામ કરી રહી છે, ઉપરાંત શૈક્ષણિક ફંડ સહાય, મહિલા ઉન્નતિ, આરોગ્ય, આવાસ સામાજીક સુરક્ષા વગેરેમાં પણ. તેમના પોતાના જ બંધારણ અને વ્યવસ્થા છે. સમસ્ત મહાજનનું રાષ્ટ્રીય લક્ષ પણ એનાથી લગભગ અલગ નહીં હોય. તમારી યોજનામાં તેમનો સમાવેશ તમે કેમ કરવા માગો છો ?

નિ : ૪)આ બહુ સારો વિચાર છે અને શરૂઆત થી જ મારી કાર્યસૂચી પર રહ્યો છે. આપણા બધા ટ્રસ્ટ અને એસોશીયન બહુ સારૂં કામ કરી રહ્યા છે. આપણે એક પદ્ધતિ-સીસ્ટમ, વિકસાવવાની જરૂર છે જે એક સમાન તેમના કામોને વેગ આપે અને તેનું ડુપ્લીકેશન (બેવાર) ન થાય. આ કામની શરૂઆત કરી છે. અને હાલ ડેટાબેઝ (Database) બનાવી

રહ્યા છીએ.

તમે ખરૂં કહ્યું છે કે આપણે સાથે કોમન પ્રોગ્રામ વિકસાવવાની જરૂર છે. એની શરૂઆત કરતા અમે આવી ઘણી સંસ્થાઓને નિમંત્રી છે જે આપણી કાર્યકારી સમિતિનો ભાગ બની શકે.

તિ. ૫) મહાજનનો મૂળભૂત દૃષ્ટિકોણ નજરમાં રાખીને એકમ મુક્ત સંસ્થા તરિકે બનાવેલ હતા. બધીજ સત્તા અને સ્વાતંત્ર્ય મહાજન પાસે હતા. તેમની પાસે કોઇ પ્રસંગમાં ભાગ લેવો કે નહીં તે હક હતો. આ મૂળભૂત સ્વાતંત્ર્યમાંથી જુદા થવાનું કેવી રીતે વિચાર્યું છે ? હાલમાં ઘણા એકમો માં મહાજન અને એકમ વચ્ચેનો મતભેદ છે. પરિણામ તમે બધા જાણે છો. આપણે ઇતિહાસની અવગણના કરશું તો તે આપણને જ ઘણું ભારી પડશે.

નિ : ૫)એકમો માટેની તમારી વાતમાં મુક્ત સંસ્થાઓ, અત્રે માટે હું સમજ્યો નહી પણ એકમો, મહાજનો અને સમસ્ત વચ્ચ સંકલન-સહકાર બહુ જરૂરી છે. ખરેખર તો આ પધ્ધતિ સંપૂર્ણ (freedom) છૂટ માટે યોજાયેલ છે. પણ ઘણા સમાન કાર્યક્રમ જે માટે આપણે સાથે સંમત થયા છીએ તેને અનુસરવા જોઇએ. આપણને જ્ઞાતિ સ્તરે ગતિ-વિધી આપશે ને જ્ઞાતિની છાપ ઉભી થશે. સાથે રહેવામાં જ શક્તિ છે. આપણે બધા કેટલીક કાર્યસૂચીને વેગ આપશું તો આ મેળવવું બહુ સહજ થઇ જશે.

તિ. ૬)આર્થિક બાબતે પણ તમે ધ્યાન રાખ્યું હશે. નિયમીત ફંડ મેળવવા પડકાર રૂપ છે.

નિ : ૬)હું સંમત થાઉં છું કે ફંડ - અર્થવ્યવસ્થા - પડકાર રૂપ છે. પણ એક ઉદાહરણ આપું. સંયુક્ત કુટુંબ કેમ ચાલે છે? બધાજ સભ્યો સાથે મળી ચલાવે છે અને એજ આદર્શ માર્ગ છે. કોઇ પણ સંસ્થા ફક્ત દાન-સખાવત પર જ ટકી શકે નહીં. આપણે (self sustain) મોડલ વિકસાવવાની જરૂર છે. હું પણ કંઇ વિચારૂ છું અને આ પડકાર આપણે જીતવો જોઇએ.

તિ. ૭)એવી ધારણા લાગે છે કે મહાજનો સારી રીતે કાર્યરત છે અને વેગથી આગળ વધવા માગે છે. મારો અંગત અનુભવ કહે છે કે નાનામાં નાના મહાજનોમાં પણ કમસે કમ બે ગ્રુપ, મતભેદ અને રીતરસમ હોય જ છે. જો મજબૂત ઇમારત ચણવી હોય તો દઢ નિશ્ચય અને વ્યવહારીકપણું જોઇશે.

નિ : ૭)અમે એજ કરવાનો પ્રયત્ન કરતા હતા અને હું તમારી સાથે સંપૂર્ણ સંમત છું. આ ચર્ચા માટે સંમેલન એક સુવર્ણ તક છે.

તિ. ૮)આપણા પૂર્વજોની દૂરંદેશી અને ખૂબ પ્રયાસોથી હાલ જ્ઞાતિનો સુવર્ણ યુગ છે. હવે જ આપણી જ્ઞાતિનો સુર્યોદય થશે એ ધારણા નથી ?

બંધારણ ફ્રેમવર્ક આપતા, નિષ્ણાતોની સલાહ લઇ તમારી ટીમ જે મહિનાઓથી અથાક કામ કરે છે તેને શુભેચ્છા, જે જ્ઞાતિને સુંદર ઉન્નતિ તરફ લઇ જાય.

મને ખાત્રી છે કે તમારી શ્રેષ્ઠ સમિતિએ આ બધાનો અને બીજા ઘણા દૃષ્ટિબિંદુનો જરૂર વિચાર કર્યો હશે.

નિ : ૮)હું ધારૂ છું કે વાતમાં ગેરસમજ છે. આપણા વડિલો, વરિષ્ઠો અને નેતાઓ એક મજબૂત વારસો આપી ગયા છે. મહાજન નામે એક ખડતલ પધ્ધતિ આપણી પાસે છે. એક રીતે આપણે અનોખા છીએ કે આપણે આ મજબૂત પધ્ધતિ-સંસ્કૃતિ જાળવી રાખી છે. બધાજ જાહેર સમારંભોમાં આ સશક્ત ભૂતકાળ, વારસો અને વરીષ્ઠોના કામોનું ઉદાહરણ હું આપતો રહ્યો છું.

- બંધારણિય ફ્રેમવર્ક મોટા ફેરફાર સાથે થઇ રહ્યું છે અને આવી ઘણી સંબંધી વાતો કહેવાઇ છે અને છેલ્લે તમારા જ્ઞાતિ માટેના અથાક કામ અને ભૂતકાળમાં પણ સારા કાર્યક્રમો અને દૃષ્ટિકોણ આપવા માટે હું ફરી તમારો આભાર માનું છું. હું માનું છું જ્યાં પણ પ્રગતિકારક જ્ઞાતિ હોય ત્યાં હંમેશા ચર્ચા-વિચારણા હશે જ, અને સારી સંસ્થા માટે તે મહત્વનું જ છે.

અને છેલ્લે, તમારા જ્ઞાતિ માટેના અથાક કામ અને ભૂતકાળમાં પણ સારા કાર્યક્રમો અને દૃષ્ટિકોણ આપવા માટે હું ફરી તમારો આભાર માનું છું. જ્યાં પણ પ્રગતિકારક જ્ઞાતિ હોય ત્યાં હંમેશા ચર્ચા-વિચારણા હશે જ અને સારી સંસ્થા માટે તે મહત્વનું જ છે.

---

**ભુલ સુધાર :**

૧) અંક ૭ માં (તા. ૫-૧૧-૨૦૧૮) પાના ૧૮ ઉપર શ્રી જી પીર બાપાની સમુહ પહેડીની તા. ૯-૧૨-૨૦૧૮ છે.

૨) અંક ૭ માં (તા. ૫-૧૧-૨૦૧૮) પાના ૩ ઉપર લાપસીયા ચેરીટેબલ ટ્રસ્ટમાં પહેડીની તા. ૨૫-૧૧-૨૦૧૮ છે.

૩) અંક ૬ માં (તા. ૨૦-૧૦-૨૦૧૮) પાના ૯ ઉપર સરપંચોની યાદીમાં શામજી પાશ્વીર લોડાયા (પટેલ) સાંધવ સરપંચ ન હતા.

**કચ્છના વહેણ**

કચ્છ-ગુજરાતમાં આપની જમીનના રેકોર્ડસ જાણવા માટે વેબસાઇટ anyror.gujarat.in

# ૨૧મી સદીની જ્ઞાતિની મુખ્ય સમસ્યા




જ્ઞાતિનું ચતુર્થ પરંતુ ૨૧મી સદીનું પ્રથમ સંમેલન જ્યારે થવા જઇ રહ્યું છે ત્યારે એ વિચાર આવે છે કે અગાઉના સંમેલનો માફક આ સંમેલન પણ જ્ઞાતિની શૈક્ષણિક, મેડીકલ, નિવાસસ્થાન વિગેરે સમસ્યા પર જ ફોકસ કરશે કે પછી ૨૧મી સદીની નવી સમસ્યાને પણ એડ્રેસ કરશે.

આમ જોવા જઈએ તો ૨૧મી સદીની જ્ઞાતિની મુખ્ય સમસ્યા છે - આંતર જ્ઞાતિ લગ્નો. પરંતુ આ સમસ્યા નો કોઇ ઉકેલ નથી, માટે જેમ ઘણા બધા Motivational Speakers કહેતા હોય છે તેમ ''જે સમસ્યા નો કોઇ ઉકેલ ના હોય, તે સમસ્યા નો બહુ વિચાર નહી કરવો'' અન્યથા આ સમસ્યા તમોને સ્ટ્રેસ સિવાય કઇ નહી આપે'' એટલે આપણે પણ આ સમસ્યાને બાજુ પર મુકીયે અને જ્ઞાતિની ૨૦૩૦ કે ૨૦૪૦ની મુખ્ય સમસ્યા જે અત્યારથી દેખાય છે તેના પર ફોકસ કરીએ.

આ ૨૧મી સદીમાં પરણેલા લગભગ ૮૦% કપલ્સ ૧જ બાળકને જન્મ આપે છે. એટલે આગળ જતા ૧ કપલ ઉપર ૪ વડીલોની જવાબદારી આવશે એ નક્કી જ છે. ત્યારે આટલા બધા સિનિયર સીટીઝનની સંભાળ રાખવા શું આપણે ઘરડાઘર ઉભા કરીશું ? જો એવું કરવું હશે તો ખૂબજ મોટુ મુડી રોકાણ જોઇશે જે ઉભુ કરવું મુશ્કેલ કાર્ય છે. આનો એક પ્રેક્ટીકલ રસ્તો, જે મને પૉસીબલ લાગે છે તે આ મુજબ છે.

૧) કચ્છના આપણા ગામના ગામ આજે ખાલી પડ્યા છે, સુથરી જેવા મારા ગામમાં ફડીયા ના ફડીયા ખાલી પડ્યા છે. સેકડોની સંખ્યામાં ઘરો, મેડીઓ, બંગલાઓ ને તાળાં લાગેલા છે.

૨) પ્રાયોગિક ધોરણે કચ્છના ૨-૫ ગામમાં આ ઘર માલિકોને કન્વીન્સ કરીને જો ૧૦-૧૫ ઘર દરેક ગામમાં વગર ભાડે મેળવી શકાય તો આ ઘરનો ઉપયોગ ૫૦-૭૫ વડીલોને રાખવા માટે થઇ શકે.

ઘર માલિકો કદાચ આખી મેડી ન આપે તો એક માળની ૨-૩ રૂમ પણ મેળવી શકાય.

૩) આ વડીલોની ખાવા-પીવાની વ્યવસ્થા ગામની મહાજન વાડી - ભોજનશાળામાં કરવામાં આવે.

૪) આ મોડેલ માટે નાણા ક્યાંથી આવશે ?

આના માટે, આ યોજના મુજબ જે કોઇ વડીલ લાભ લેવા ઇચ્છતા હોય તેઓ પાસેથી માસિક ફીક્સ રકમ લેવામાં આવે. આ ઉપરાંત જે કોઇ વડીલ આર્થીક રીતે આ રકમ ન આપી શકે તે માટે જ્ઞાતિ લેવલે એક ફંડ ઊભું કરવામાં આવે.

૫) આ યોજનાથી ઘણા ઇનડાયરેક્ટ ફાયદા પણ થશે, જેમ કે

અ) જે વડીલો હેલ્થી હશે તેઓ પોતાનો થોડો સમય ભોજનશાળા માટે, ગામની પાંજરાપોળ માટે, દેરાસર-ઉપાશ્રય વિગેરે માટે પોતાના શોખ - ચૉઇસ મુજબ આપે તો આ બધી પ્રવૃત્તિ પણ સરસ રીતે થતી થઇ જશે.

બ) હાલમાં ભોજનશાળામાં વર્ષમાં માંડ ૨૫-૩૦ દીવસ કામ હોય છે. એટલે કાયમી સ્ટાફ પૂરતો રાખી નથી શકાતો પરંતુ જો રોજ ૫૦-૭૫ વ્યક્તિના ૩ વખતનું ભોજનની વ્યવસ્થા કરવાની હશે તો કાયમી સ્ટાફ પણ રાખી શકાશે. અને તે પોશાસે પણ ખરૂ.

ક) કચ્છના આપણા ગામોમાં આ રીતે વસતિ થશે તો કદાચ ગામના અન્ય વડીલો જેમનું પોતાનું ઘર કચ્છમાં છે, તેઓ પણ ત્યાં રહેવા પ્રેરાશે. અને આવા વડીલો ફક્ત ભોજનશાળાનો લાભ પણ લઇ શકે.

ડ) આ બધા મકાનો જે બંધ પડી રહેવાથી ખડેર બની રહ્યા છે તે મકાનો વપરાશ ને કારણે સચવાશે પણ ખરા.

તો મારી સંમેલન આયોજકોને વિનંતી છે કે, ખાલી-ઠાલી વાતો કરવા કરતા આવું એકાદ નકર આયોજન કરવામાં આ સંમેલન સફળ થશે તો પણ સંમેલનની સાર્થકતા અનુભવાશે.

**- સી.એ. ચંદ્રેશ છેડા**, સુથરી-વડોદરા

ઇમેલ : cpadamshi@yahoo.co.in

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ-ઘાટકોપર**



**દાંડિયારાસની રમઝટ**

શ્રી કચ્છી દશા ઓશવાલ જી. વી. સી. જૈન સંઘ દ્વારા **તા. ૦૬-૦૧-૨૦૧૯ ને રવિવારના શુભ દિને** દાંડિયારાસ સહિત વિવિધ પરંપરાગત રમતનું આયોજન કરેલ છે. સાથે વિવિધ હરિફાઈ, રસભર વાનગીઓના સ્ટોલ રાખેલ છે. સ્ટોલ માટે વહેલો તે પહેલોના ધોરણે નામ નોંધવામાં આવશે.

**સ્ટોલ માટે રૂા. ૨,૦૦૦/- ડીપોઝીટ રાખવામાં આવેલ છે.**
**જેમાં સ્ટોલનો ખર્ચ રૂા. ૫૦૦/- રાખવામાં આવેલ છે.**

**સ્થળ: શ્રી રાષ્ટ્રીયશાળા સ્કુલ પટાંગણ,**
**ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.**
**સમય : સાંજે ૫.૦૦ થી ૧૦.૦૦ ક.**

સ્ટોલ બુકીંગ માટે આપ આપના નામ કવિતા મોતા મો. ૯૩૨૩૪ ૦૯૭૬૩ નંબર ઉપર નોંધાવા વિનંતી.

**ખાસ નોંધ :** સ્ટોલ માટે જૈન વાનગી તથા સમગ્ર કે.ડી.ઓ. મુંબઈવાસીઓ રાખી શકશે.

**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન વતી**
**પ્રમુખશ્રી : સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA-9820167767

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



શ્રી ક.દ.ઓ. જૈન
જ્ઞાતિ મહાજન, નલિયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


કાર્યાલય : રૂમ નં. ૨, બી વિંગ, ગાઉન્ડ ફ્લોર, કૃષ્ણાકુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ઈમેલ : mahajansamast@gmail.com • વેબસાઈટ : www.kdosamastamahajan.org


**આયોજિત**

## ચતુર્થ જ્ઞાતિ સંમેલન એવં પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ ૨૦૧૮ એવં પ્રથમ રાષ્ટ્રીય યુવા ફેસ્ટ ૨૦૧૮ના કાર્યક્રમોની રૂપરેખા

યજમાન : **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન,** નલિયા

સ્થળ : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર,** નલિયા અબડાસા, કચ્છ.

મુખ્ય સહયોગી : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી,** કચ્છ તેરા, માટુંગા હસ્તે **શેઠશ્રી હંસ બી. ખીમજી,** તેરા-માટુંગા

### પ્રથમ દિવસ તા. ૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ **પ.પૂ.આ.ભ.તપસ્વીરત્ન શ્રી ગુણોદયસાગરજી સૂરીશ્વરજી મ.સા.**નું સામૈયુ સહ માંગલિક/આશિર્વાદ.
૧૦.૦૦ થી ૧.૩૦ સંમેલન ઉદ્‌ઘાટનની વિધિઓ

• દિપ પ્રાગટ્ય • સંમેલનના ગણમાન્ય અતિથિઓ/પ્રમુખશ્રી દ્વારા સ્થાન ગ્રહણ/ઉદબોધન • સેક્રેટરી જનરલ દ્વારા સંમેલનના કાર્યક્રમોની રૂપરેખા • યુવા ફેસ્ટ ૨૦૧૮નું ઉદ્‌ઘાટન • નારી શક્તિ ૨૦૧૮નું ઉદ્‌ઘાટન • સંમેલનના મુખ્ય લાભાર્થીઓનું સન્માન • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિશ્રામ • ૨.૩૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી સમય • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ'નો કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧.૦૦ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો અને અન્ય પ્રાસંગિક રજુઆતો/ઠરાવ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧૧.૦૦ સંમેલનની શોભાયાત્રા • ૧૧.૦૦ થી ૧.૦૦ સંમેલનનું ખુલ્લુ સત્ર પ્રારંભ • સેક્રેટરી જનરલ દ્વારા આવકાર ભાષણ • સંમેલને પસાર કરેલ ખરડાની રજુઆત • સમસ્ત મહાજનની સમિતિઓના કાર્ય બાબત રજુઆત/અન્ય જ્ઞાતિહિતના પ્રકલ્પોની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ જ્ઞાતિના વરિષ્ઠ તેમજ અનન્ય સિધ્ધિ પ્રાપ્ત જ્ઞાતિજનોનું બહુમાન • સમસ્ત મહાજન દ્વારા નલિયા મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • નલિયા મહાજન દ્વારા સમસ્ત મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • સંમેલનની પૂર્ણાહુતિ પ્રસંગે સેક્રેટરી જનરલનું ઉદ્‌બોધન અને આભાર પ્રદર્શન વિધિ.




## નારી શક્તિ-૨૦૧૮




### પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

સવારના ૯ થી ૧.૦૦ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • અને મહિલા વિકાસના પ્રકલ્પની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ વૈદ્યકિય બાબતે માર્ગદર્શન અને વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • ૧૧.૦૦ થી ૧.૦૦ મોટીવેશનલ કાર્યક્રમ/નારી શક્તિ ૨૦૧૮ની પૂર્ણાહુતિ • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૪૫ થી ચૌવિહાર

# યુવા ફેસ્ટ-૨૦૧૮

**<u>પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮</u>**

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • બપોરના ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • બપોરના ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે યુવાઓને માર્ગદર્શન તથા મેનેજમેન્ટ ગેમ • સાંજના ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

**<u>દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮</u>**

સવારના ૯.૩૦ થી ૧.૦૦ યુવાઓને જ્ઞાતિ સેવામાં જોડાવા આહવાન • બપોરના ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • બપોરના ૨.૦૦ થી ૫.૪૫ સમસ્ત મહાજનના પ્રકલ્પની રજુઆત અને મનીષ જૈન દ્વારા માર્ગદર્શન • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

**<u>તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮</u>**

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ સમસ્ત મહાજનના પ્રકલ્પની જાહેરાત/યુવા ફેસ્ટ-૨૦૧૮ની પૂર્ણાહુતિ • બપોરના ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • બપોરના ૨.૦૦ થી ૪.૦૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૪૫ થી ચૌવિહાર

# જ્ઞાતિજનોને આવાહન

**<u>જ્ઞાતિના વિવિધ ક્ષેત્રે કિર્તીમાન હાંસલ કરેલ વ્યક્તિના બહુમાન/સન્માન બાબત</u>**

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપણી જ્ઞાતિની વિવિધ ક્ષેત્ર કિર્તીમાન હાંસલ કરેલા જ્ઞાતિજનોના નામ ત્વરિત શ્રી સમસ્ત મહાજનની ઓફીસે અથવા nationalkdo@gmail.com ઉપર મોકલવા વિનંતી.

સર્વે જ્ઞાતિજનોને પણ એક વિનંતી છે કે તમો એવા કોઇ જ્ઞાતિજનને જાણતા હો, જેઓ રમતગમત, કેળવણી, રાજકારણ, અભ્યાસ, હુન્નર કે અન્ય કોઇ ક્ષેત્રે કોઇ કિર્તીમાન હાંસલ કરેલ હોય તમો તે વ્યક્તિના સગા-સબંધિ, મિત્ર કે ચિરપરિચિત હો તો તે વ્યક્તિનું નામ અને તે બાબત થોડી માહિતી ત્વરિત **9769991922** વોટ્સએપ નંબર ઉપર અથવા/અને nationalkdo@gmail.com ઉપર તા. ૫-૧૨-૨૦૧૮ સુધી મોકલવા વિનંતી.

# કે.ડી.ઓ. રાષ્ટ્રીય લોગો પ્રતિયોગિતા
# K.D.O. NATIONAL LOGO COMPETITION

ચાલો જ્ઞાતિની એક ઓળખ ઉભી કરીએ...

આપણી મુખ્ય સંસ્થાઓ/મહાજનો બધા પોતાના લોગો ધરાવે છે. લોગો તેમની પ્રવૃત્તિઓ, સિધ્ધિઓ, સંસ્થાની ઉંમર અને લાક્ષણિકતાઓ દર્શાવતું પ્રતિક છે. શૈક્ષણિક, વૈદ્યકિય, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના લોગો તેમની પ્રવૃત્તિઓ કે વિઝનનું રસપાન કરાવે છે.

શ્રી સમસ્ત મહાજન, કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું એક લોગો સ્થાપિત કરવા ઈચ્છે છે જે આપણી પ્રવૃત્તિઓ, જ્ઞાતિ, સામાજિક દિર્ઘદ્રષ્ટિનું પ્રતિક હોય. One Logo - One Community - One Vision ને સાર્થક કરનાર આ લોગો માટે જ્ઞાતિના વેબ ડીઝાઈનર્સ, કોમર્શિયલ આર્ટિસ્ટ, વિચારકો માટે પોતાની જ્ઞાતિને ''લોગો''માં દર્શાવવા આમંત્રણ આપે છે. આ એક સ્પર્ધા છે જેમાં તમારે નિપુણતા દાખવવાની છે.

જ્ઞાતિનો આ લોગો જ્ઞાતિની દરેક સંસ્થાઓ, મહાજનોના પોતાના લોગો સાથે જ્ઞાતિની અખંડિત એકતા દર્શાવવા પોતાના લેટરહેડ, બોર્ડ કે જે પ્રચાર સામગ્રી હોય તે સાથે છાપશે અને આપણને સૌને પ્રેરણા આપશે.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને જ્ઞાતિના વરિષ્ઠ શ્રેષ્ઠીવર્યોની ટીમ આવેલ ડીઝાઈનોમાંથી એક નક્કી કરશે. જે આપણી ઓળખ કહેવાશે. પસંદ થયેલ ડીઝાઈનના કર્તાને આગામી સંમેલનમાં પુરસ્કૃત કરવામાં આવશે.

શક્ય છે આગામી સંમેલનની દિવાલો, પંડાલો જ્ઞાતિના નવા લોગોથી શોભતા હશે.

આપ સૌને પોતાની એન્ટ્રી સમસ્ત મહાજનના કાર્યાલયે તા.૫ ડિસે. ૨૦૧૮ સુધી મળે તે પ્રમાણે મોકલવાની છે અથવા nationalkdo@gmail.com પર મોકલી આપશો.

લી. **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**
**નિશિથ એ. દંડ** (સેક્રેટરી જનરલ)



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

## નુતન વર્ષ ૨૦૭૫ના અભિનંદન

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વ દાતા, સહાયક, શુભેચ્છક, જ્ઞાતિજનને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવે છે અને સાથ સહકાર સહાય માટે આભાર વ્યક્ત કરે છે.**

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

કચ્છમાં વર્તમાન દુષ્કાળના ઉપલક્ષમાં દાતાઓનો ઉદાર સહયોગ મળી રહ્યો છે જે થકી મુશ્કેલ સમય પાર કરવા વિશ્વાસ છે.

**વાર્ષિક સહાય યોજના :** દાતા ક્રમાંક ૮૮) રૂા. ૧૨,૦૦૦/- **શ્રી નિખિલ રતિલાલ ખોના,** નલીયા, હાલ માટુંગા, મુંબઇ સ્વ. દાદી-દાદા, ગુણવંતી - રતિલાલ ખોનાના સ્મરણાર્થે હ. રોહન - હર્ષ

**નીચે મૂજબ દાતાઓ દ્વારા ઉદાર સહાય મળેલ છે.**

૧) રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) **પ.પૂ.ગુરૂ મૈયા શાંત મૂર્તિ સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.** તેમજ **જખૌ રત્ના પૂ. સાધ્વી શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.**ના દીર્ઘ સંયમ જીવનની અનુમોદના અર્થે **પૂ.સા.શ્રી યશોદયાશ્રીજી મ.સા.**ની પ્રેરણા થી વિવિધ દાતાઓ ના સહયોગથી જીવદયા અનુદાન. ૨) રૂા. ૫૭,૦૦૦/- શ્રી વસંત કરમસી વીકમસી, જખૌ, દાદર, મુંબઇ, W/W રૂા. ૨૫,૦૦૦/- માતુશ્રી કસ્તુરીબાઇ કરમસી, રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી હેમલતા વસંત વીકમસી ના સ્મરણાર્થે, રૂા. ૭,૦૦૦/- વાર્ષિક સહાય યોજના ૨૦૧૯ ના રૂા. ૧૨,૦૦૦/- પેટે. ૩) રૂા. ૫૧,૦૦૦/- શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, હુબલી, ૪) રૂા. ૨૫,૦૦૦/- શ્રી શાંતિનાથ જૈન દેરાસર, લોનાવલા, ૫) રૂા. ૨૧,૦૦૦/- શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહારાષ્ટ્ર એકમ, ૬) રૂા. ૧૫,૦૦૦/- શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુર, ૭) રૂા. ૧૫,૦૦૦/- શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, બેંગ્લોર, ૮) રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન મણિલાલ મોમાયા, વરાડીયા, હાલ મુલુંડ (વેસ્ટ), મુંબઇ, ૯) રૂા. ૭,૦૦૦/- શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, નારાણપુરા, અમદાવાદ, ૧૦) રૂા. ૫,૦૦૦/- શ્રી બડગરા જૈન દેરાસર, કેરાલા, ૧૧) રૂા. ૫,૦૦૦/- શ્રી બારમેર અચલગચ્છ જૈન સંઘ, ૧૨) રૂા. ૫,૦૦૦/- શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ, ૧૩) રૂા. ૪,૮૦૦/- શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સંઘ, પૂના, ૧૪) રૂા. ૨,૫૦૦/- પ.પૂ. સાધ્વી શ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. નીલગગન, પાલીતાણા, હસ્તક એકત્ર જીવદયા ફાળો, ૧૫) રૂા.૧,૧૦૦/- ઠા. લીલાધર ખેરાજ સેજપાલ, ટારી, જખૌ. ૧૬) રૂા. ૧,૧૦૦/- ઠા. જેઠાલાલ કોરજી સેજપાલ, ટારી, જખૌ.

**ભેટ/સહાય :** ૧) ભૂસો ગુણી ૨૦, શ્રી શાન્તિજીન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ, ૨) ગોળ કી. ૫૦, ભૂસો ગુણી ૧, શ્રી કુલીનકાન્ત જીવાણી, જખૌ, રાયપુર.

**દાન ઇન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name : Sri Jakhau Panjrapol Trust**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઇ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# ઓસવાલોની ઉત્પતિ – ૫

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊંડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્‌ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

ઉપકેશગચ્છીય વિદ્વાન આચાર્યો દ્વારા ૭૦૦ વર્ષ પૂર્વે લિખિત ગ્રંથોમાંથી શ્રીમાલી, પોરવાલ અને ઓસવાલ જાતિની ઉત્પતિનું વર્ણન જોઇ રહ્યા છીએ. ભિન્નમાલના રાજવી ભીમસેનને બે પુત્રો હતા (૧) શ્રી પુંજ અને (૨) સુરસુન્દર. તેમાં શ્રી પુજનો પુત્ર હતો ઉત્પલદય અપરનામ શ્રીકુમાર. ભીમસેને કનિષ્ઠ પુત્ર સુરસુંદરને ગાદી આપી. કેટલાક ગ્રંથમાં ઉલ્લેખ છે કે શ્રીપુંજે જૈનધર્મ અપનાવ્યો હતો તેથી શૈવધર્મી ભીમસેને તેને રાજગાદીથી વંચિત કરી દીધો હતો. રાજ્યમાં ઉહડ અને ઉધરણ બે શ્રેષ્ઠી બાંધવ મંત્રી પુત્રો હતો. શ્રીમાલ નગર (ભિન્નમાલ)માં ત્રણ કિલ્લાઓ હતા. સૌથી અંદરના કિલ્લામાં કરોડપતિઓ વસતા હતા તેનાથી બહારના બીજા કિલ્લામાં લક્ષાધિપિઓ વસતા હતા અને તેનાથી બહારનાં ત્રીજા કિલ્લામાં સામાન્ય પ્રજાજનો વસતા હતા. ઉહડ પાસે ૯૯ લાખની સંપતિ હતી જ્યારે તેના ભાઇ ઉધરણ પાસે ૧૮ કરોડની સંપતિ હતી. ઉહડ કરોડપતિના કિલ્લામાં વસવાટ કરી શકે તે માટે ઉધરણ પાસે એક લાખની રકમ માંગી. ન મળવાથી નારાજ, વળી તેનાં ભાઇની પત્નિએ મહેણું મારતા અપમાનિત થવાથી નવું નગર વસાવી રાજ કરવાની ઇચ્છા થઇ. પ્રધાન પુત્ર ઉહડે પણ નગર છોડી રાજકુમાર ઉત્પલદેવ સાથે જોડાયો.

નવું નગર વસાવવું કંઇ આસાન કાર્ય ન હતું છતાં બન્ને યુવાનો નીકળી પડ્યા. રસ્તે ચાલતા ચાલતા એક જંગલમાં જઇ પહોંચ્યા ત્યાં તેમને એક સરદાર મળ્યો. ઉત્પલદેવનાં મુખ પરનું તેજ જોઇ સરદારને લાગ્યું આ કોઇ રાજકુમાર હોવો જોઇએ. તેણે કુંવરને પુછ્યું ક્યાંથી આવો છો ને કઇ તરફ જઇ રહ્યા છો ? રાજકુમારે કહ્યું 'અમે શ્રીમાલથી આવીએ છીએ અને નવું નગર વસાવવા માંગીએ છીએ. સરદારે કહ્યું 'તમારી પાસે શું સામગ્રી છે કે જેથી નવું નગર વસાવી શકશો ? જવાબમાં રાજકુમારે કહ્યું,' સામગ્રી તો કંઇ નથી પરંતુ અમારી ભુજાઓમાં બળ છે જેના જોર ઉપર નવું નગર વસાવવા માંગીએ છીએ'' સરદાર જે વિરાટ નગરનો રજપૂત હતો જેનું નામ સંગ્રામસિંહ હતું. તેણે બન્ને યુવાનોને પોતાને ત્યાં રહેવા માટે તેમજ ભોજનનું આમંત્રણ આપ્યું.

સરદારને એક કન્યા હતી જેનું નામ જાલણદેવી ઉત્પલદેવનું મુખારવીંદ અને હિંમતજોઇ સંગ્રામસિંહને લાગ્યું કે ભવિષ્યમાં આ કુમાર રાજવી બનશે. જો આવું થાય તો મારી કન્યા તેને આપું તો તે રાજરાણી બની શકે. તેથી સરદારે રાજકુમારને તેની પુત્રીનો હાથ ગ્રહણ કરવાની વિનંતી કરી. રાજકુમારે જણાવ્યું કે 'હું તો એક મુસાફર છું. તમે વિચારીને કાર્ય કરો.'' પરંતુ સરદારે અતિ આગ્રહ કર્યો. રાજકુમારે આ શુભ શુકન છે તેમ માની શરત મૂકી કે લગ્ન તો હું ત્યારે જ કરીશ જ્યારે તે રાજ્યની સ્થાપના કરશે. સગપણ નક્કી કર્યું. બીજે દિવસે સવારે બન્ને મિત્રો આગળ જવા નીકળી પડ્યા.

રસ્તે ચાલતાં અશ્વનો એક મોટો સોદાગર મળ્યો. મંત્રી ઉહડે તેની પાસેથી ૧૮૦ અશ્વ ખરીદવાની તૈયારી બતાવતા જણાવ્યું કે કિંમત અમે નગર વસાવ્યા બાદ આપશું. તેમના વચન ઉપર વિશ્વાસ રાખી સોદાગરે ૧૮૦ ઘોડા આપ્યા. બન્ને મિત્રો ઘોડા લઇ ઢેલીપુર (હાલનાં દિલ્હી) નગરમાં પહોંચ્યા. ત્યાં સાધુ નામક રાજા રાજ્ય કરતો હતો જે છ મહિના રાજ કરતો અને છ મહિના રાણીવાસમાં રહેતો. જે દિવસે બન્ને દિલ્હી પહોંચ્યા તે જ દિવસે રાજકુમાર રાણીવાસમાં ચાલ્યો ગયો હતો. તેથી રાજુકમાર દરરોજ દરબારમાં જતો અને એક અશ્વ ભેટ આપતો. આવું ૧૮૦ દિવસ ચાલ્યુ અને રાજકુમારે પોતાના ૧૮૦ ઘોડા ભેટ આપી દિધા.

રાજા સમય પુરો થતા રાજ સભામાં આવ્યો. ઉત્પલદેવ દ્વારા દરરોજ એક ઘોડો ભેટ આપવાની વાત દરવાન પાસેથી જાણી. ખૂબજ ખુશ. ઉત્પલદેવને મળવા બોલાવ્યો અને પુછ્યું ''તું શું ચાહે છે ?'' રાજકુમાર બોલ્યો ''મારે એક નવું નગર વસાવવું છે તે માટે હું જમીન ચાહું છું.'' રાજાએ કહ્યું 'જ્યાં ઉજ્જડ જમીન દેખાય ત્યાં તમે નગર વસાવી લો.'' રાજકુમાર ઉત્પલદેવ અને મિત્ર ઉહડ ચાલી નીકળ્યા. મંડોર (વર્તમાન જોધપુરથી નજીક) આવી પહોંચ્યા પણ જોઇએ તેટલી ઉજ્જડ ભૂમિ ન મળી. ત્યાંથી આગળ ચાલતા ઉજ્જડ ભૂમિ દેખાઇ. પાણી પણ હતું તેઓને આ જગ્યા યોગ્ય લાગતા ત્યાં નગર વસાવવાનો નિશ્ચય કર્યો. આ સમાચાર ભિન્નમાલમાં પહોંચ્યા. ત્યાં શૈવધર્મીઓનો ત્રાસ હતો. ભિન્નમાલથી ૧૮૦૦૦ વ્યાપારી, ૯૦૦૦ બ્રાહ્મણો તથા અન્ય પ્રજાજનો આ નવા નગરમાં આવી વસ્યા. ઓસવાલી ભૂમિ હોવાથી તેનું નામ 'ઓસનગર (ઉપકેશપુર) રાખ્યું. ખૂબ જ ઝડપથી નગરનો વિકાસ થયો જેનો વિસ્તાર નવ ગાઉ

લંબાઇ અને ૧૨ ગાઉ પહોળાઇનો થઇ ગયો. આ નવા નગરની અધિષ્ટાત્રી ચામુંડા દેવીની સ્થાપના કરી.

ઘણી પ્રાચીન વંશાવલીઓમાં આ બાબતે કવિતા પણ મળે છે.

**ગાડી સહસ ગુણ તીસ, ભલા રથ સહસ્ત્રગ્યારે,**
**અઢારહ સહસ્ત્ર અસવાર, પાલા પાયક નહિં કોઇ પારે**
**ઉટ્ઠી સહસ અઢાર, તીસ હસ્તી મદજરતા**
**દશ સહસ્ત્ર દુકાન વણિક વ્યાપાર કરતા**
**નવ સહસ્ત્ર વિપ્ર ભિન્નમાલ સે મણિધર સાથે માંડિયા**
**રાવ ઉપલદેવ મંત્રી ઉહડ, ઘરબાર સાથે છાંડિયા.**

સમય જતાં ઓસનગર વ્યાપારનું કેન્દ્રા થયું. ઉત્પલ રાજવી થયા. ઉહડ મંત્રી બન્યા. ઉત્પલદેવે જાલણદેવી સાથે લગ્ન કર્યા. તેને એક પુત્રી જન્મી સૌભાગ્ય સુંદરી નામ પાડ્યું જેના લગ્ન ઉહડમંત્રીના પુત્ર ત્રિલોકયસિંહ સાથે થયા. સૌ આનંદથી દિવસો પસાર કરે છે. નગર દિનપ્રતિદિન વિકાસ પામી રહ્યું છે.

આ બાજુ આચાર્ય રત્નપ્રભસૂરિ ઉપકેશપુર આવી પહોંચ્યા. નગરમાં કોઇએ સ્વાગત ન કર્યું એટલું જ નહિં કોઇએ પધારવાનું કે રોકાવાનું પણ ન કહ્યું. આવી સ્થિતિમાં આચાર્ય પોતાનાં ૫૦૦ શિષ્યો સાથે લુણાદ્રી પહાડી પર જઈ ધ્યાન લગાવી દીધું. બધા શિષ્યો માટે લાંબા અનસન શક્ય ન હતા. ગુરૂની રજા લઇ થોડા શિષ્યો નગરમાં ગોચરી માટે નીકળ્યા. પરંતુ એવું એક પણ ઘર ન હતું કે જ્યાં ઉચિત ગોચરી મળી શકે. ઠેર ઠેર માંસ-મદિરા નજરે પડતા હતા. તેથી ગોચરીએ નીકળેલા સર્વે સાધુઓ પાછા આવ્યા. સૌએ તપનું શરણ લીધું પરંતુ બધા માટે લાંબા સમય સુધી અનસનમય તપ કરવું શક્ય ન હતું

આચાર્યે ૪૬૫ સાધુઓને કોરંટપુર તરફ વિહાર કરવાનું સુચવ્યું. ૩૫ સાધુઓ ગુરૂદેવની સેવામાં રહ્યા. અધિષ્ટાત્રી દેવી ચામુંડાએ જ્ઞાનદ્વારા જાણ્યું કે દેવી ચક્રેશ્વરીએ મોકલેલ મહાત્માઓ તેના રાજ્યમાં કષ્ઠ વેઠી રહ્યા છે. દેવી ગુરૂ સમક્ષ પ્રગટ થઇ બોલી '' ગુરૂદેવ આપ અંહિ ચાતુર્માસ કરો, ખૂબ લાભ થશે.'' ગુરુએ પોતાના જ્ઞાનબળે જોયું તો વાસ્તવમાં લાભ થશે તેવું જણાયું. ગુરૂ તથા ૩૫ શિષ્યોએ અનશન સાથે તપ ચાલુ રાખ્યું. ચાર-ચાર મહિના થયા. આ આજુ ચામુંડાદેવી પણ ચિંતિત કે તેણે આચાર્યને ચાતુર્માસ માટે રોક્યા છે અને પરિસ્થિતિ તો ઠીક નથી.

ભાગ્યવશાત્ એવામાં એક-રાત્રિએ ઉહડમંત્રી પુત્ર ત્રિલોક્યસિંહ ઢોલીયા પર સુતો હતો ત્યાં એક સર્પે આવી તેને દંશ દીધો. શરીરમાં ઝેર ફેલાતા અચેતન થઇ ગયો. રાજપુત્રી સૌભાગ્ય સુંદરી દુઃખથી રૂદન કરવા લાગી. કુટુમ્બ તથા રાજપરિવાર એકત્રિત થઇ ગયો. મંત્રવાદી, તંત્રવાદીઓને બોલાવ્યા પણ ઝેર ઉતર્યું નહિં. કોઇ લોકો કહેવા લાગ્યા કે નગરમાં મોટા મહાત્મા અનેક શિષ્યો સાથે આવ્યા અને ગોચરી ન આપવાથી આવું બન્યું છે. નગરમાં હાહાકાર મચી ગયો. મંત્રીપુત્ર અવસાન પામ્યો જાણી તેને સ્મશાનમાં લઇ જવાની તૈયારી કરી. રાજવી-મંત્રીને સૂરિજી સાથે થયેલ અયોગ્ય વહેવારની જાણ થતાં સૂરિ પાસે થઇ પુત્રને જીવતો કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. સૂરિજીએ મંત્ર બળે અને પાદ પ્રક્ષાલન કરી તે જલને છાંટવાથી મંત્રીપુત્ર જીવિત થયો. ચારે બાજુથી આચાર્યશ્રીનો જયનાદ થયો. બધા માનવા લાગ્યા કે મહાત્માની કૃપાથી મંત્રી પુત્રને નવું જીવન મળ્યું છે. રાજા-મંત્રીને થયું મહાત્માનો ઉચિત સત્કાર કરવો જોઇએ. ખજાનામાંથી કિંમતી રત્નો મંગાવી સૂરિજીને ભેટ ધર્યા. ભેટ સ્વીકારવા વિનંતી કરી. સૂરિશ્વરજીએ લાભાલાભનું કારણ જાણી રાજવીને કહ્યું ''આપ ભલે મારો ઉપકાર સમજો, પરંતુ મેં મારો કર્તવ્ય ધર્મ બજાવ્યો છે. કારણ અમે અમારા કલ્યાણ સાથે જનતાના કલ્યાણાર્થે સાધુ વેશ ધારણ કર્યો છે. આપને ખબર નથી કે આ રત્નો આત્મકલ્યાણમાં બાધક છે ? જો અમને આવી વસ્તુ ઉપર મોહ હોત તો રાજભંડારનો ત્યાગ કરી સાધુ ન બનત. તેથી આ ધન દોલતની અમારે મન કોઇ કિંમત નથી.''

રાજા, મંત્રી અને પ્રજાજનો ગુરૂની નિસ્પૃહતાના શબ્દ પર મંત્ર મુગ્ધ બન્યા. તેઓને આવા ત્યાગી મહાત્મા પ્રથમ વખત મળ્યા હતા. રાજવી કહે ''સૂરિજી આપ અમને રસ્તો બતાવો જેથી અમે આપના ઉપકારનો બદલો વાળી શકીએ.'' ગુરૂ બોલ્યા ''રાજન, અમે અમારા માટે કશું માંગતા નથી અમે જનકલ્યાણ માટે ભ્રમણ કરી ઉપદેશ આપીએ છીએ. અમારૂં કર્તવ્ય ભવાન્તરમાં દુઃખી લોકોને સન્માર્ગે લાવી એમને સુખી બનાવવાનો છે. જો આપ સૌની ઇચ્છા હોય તો ધર્મનું સાચું સ્વરૂપ જાણી જૈનધર્મનો સ્વીકાર કરો જેથી આ લોક અને પરલોકમાં આપનું કલ્યાણ થાય.'' સૌએ જિનવાણી સંભાળાવવા વિનંતી કરી. ગુરૂએ સમજાવ્યું કે જીવ હિંસાથી ધર્મ ન થઇ શકે. પાખંડીઓ તમને માંસ ખાવામાં, મદિરા પીવામાં અને વ્યભીચાર કરવામાં ધર્મ છે તેવું સમજાવે છે તે બીલકુલ અસત્ય છે. જે ધર્મમાં શીલ, સત્ય, દયા અને દાન નામના ચારે ગુણ હોય તે જ સાચો ધર્મ છે. અહિંસા પરમો ધર્મ એ જૈનધર્મનો મૂળ મંત્ર છે. સૂરિજીના ઉપદેશાથી રાજા ઉત્પલદેવ, મંત્રી ઉહડ તથા સવાલાખ ક્ષત્રિયોએ જૈનધર્મ અંગીકાર કર્યો. એ પરમ દિવસ હતો. શ્રાવણ વદ ૧૪ વીર સંવત ૭૦ (વિક્રમ સંવત પૂર્વે ૪૦૦ વર્ષ, સૂરિજીએ ચાતુર્માસ ઉપકેશપુર (ઓસીયા)માં કર્યું. જૈન ધર્મી થયેલા આ સમૂહને તેઓએ મહાજનવંશ નામ આપ્યું જે કાલાંતરે ઓસ પ્રદેશ પરથી ઓસવાલ તરીકે ઓળખાયા.

**- ક્રમશઃ**





**રચયિતા: જયકાંત મોતા**

**ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨**

## ધર્મ સંદેશ - ૧૩૦

**આડી ચાવીઓ -**

[૧] સમેતશિખરજી ઉપર પ્રથમ કયા તીર્થંકરનું નિર્વાણ થયું (૫); [૪] એક તપ (૫); [૭] એક કર્મ (૨); [૮] મલ્લીનાથ એ ...... તીર્થંકર હતા (૨); [૯] ગતિ કેટલી ? (૨); [૧૦અ] ..... નિકા મહોત્સવ (૧); [૧૧] અજાહરા પંચતિર્થીનું આદેશ્વરનું તીર્થ (૨); [૧૨] પ્રભુની .......... બાજુના અંગુઠાથી પુજા શરૂ થાય (૨); [૧૪] .......... દેવી, પાર્શ્વનાથના માતા (૨); [૧૬] હું છું ..... મારો જાલજો રે હાથ.... (૩); [૧૮] ભગવાનની પૂજા કેટલે અંગે થાય (૨); [૨૦] મુંબઈના આ પરામાં ચંદ્રપ્રભુનું જિનાલય છે (૩); [૨૨] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨); [૨૩] .... જેવા ફુલકાને શામળ જેવો રંગ (૨); [૨૪] જંબુ દ્વીપનો એક સમુદ્ર (૩); [૨૬] મહાવીર સ્વામીનું લાંછન (૨); [૨૭] પર્યુષણમાં અઠ્ઠાઈ કરનારાને અપાય (૨); [૨૯] ત્રિશલા માતાનું બીજુ સ્વપ્ન (૨); [૩૧] પ્રભુને ૧૩ અંગે થાય (૩); [૩૪] આદિનાથને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એ તીર્થ (૫); [૩૫] આ તીર્થમાં વાસુપૂજ્યના પાંચેય કલ્યાણક થયા છે (૪).

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૨] સંભવનાથના પિતા (૩); [૩] મધ્ય પ્રદેશનું એક તીર્થ (૪) (૨); [૪] પ્રભુને ચડાવેલ એક પવિત્ર જલ (૩); [૫] સુવિધિનાથ પ્રભુનું એક તીર્થ (૩); [૬] જેમના પિતાનું નામ દઢરથ છે (૫); [૮] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩); [૧૦] ભવોભવ તુમ ચરણોની.... (૨); [૧૧] .... માં પાણીના કાળનો સમય ૧૫ કલાક હોય (૩); [૧૩] કચ્છના આ ગામમાં આદેશ્વરનું જિનાલય છે (૩); [૧૫] એક કષાય (૨); [૧૭] ૨૦ તીર્થંકરની ...... ભૂમિ સમેતશિખરજી છે (૩); [૧૯] વિમલનાથનું લાંછન (૩); [૨૦] ગૌતમ સ્વામીના પિતા (૪); [૨૧] તપગચ્છના સાધુ-સાધ્વીઓના પાત્રાનો રંગ ..... હોય છે (૨); [૨૫] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૧); [૨૬] શ્રેયાંસનાથના ૪ કલ્યાણકની ભૂમિ (૪); [૨૮] પ્રાસાદ (૪); [૩૦] આ દરિયા કિનારાના ગામમાં આદેશ્વરનું જિનાલય છે (૩); [૩૨] ધર્મ કરવા પાછળનું બધાનું ......... મોક્ષ હોય છે (૨); [૩૩] આ શ્રાવિકાના ૬ મહીનાના ઉપવાસથી અકબર રાજા પ્રભાવિત થયા હતા (૨).



## કચ્છી કસબ - ૧૩૦

**આડી ચાવીઓ -**

[૧] અક્કલ વગરની સ્ત્રી (foolish lady) (૩); [૩] નાનો ગમેલો (small tub) (૩); [૭] વસ્તુઓના ઢગલા (things lying in pile) (૨); [૮] વાદળીઓ દિવસ (cloudy day) (૫); [૧૦] પાછળનો (last) (૩); [૧૧] પુરી (bun) (૨); [૧૨] ગંધાવું (foul smell) (૨); [૧૬] કોના માટે (for whom) (૨); [૧૮] વસ્તુનું પડ્યા રહેવું (thing lying unused) (૨); [૨૦] ખરાબ માણસ (bad man) (૩); [૨૧] કેવી (which) (૩); [૨૨] રખડી પડ્યો (become helpless) (૩); [૨૩] પકડવું (to hold) (૨); [૨૫] ખાટલો (bed) (૨); [૨૬] પોદડા (dry dungs of cow) (૨); [૨૭] કુંવારો છોકરો (unmarried boy) (૨); [૨૯] વણાટમાં ખામી (weaving defect in cloths) (૩); [૩૧] મગ (moong) (૨); [૩૨] બચાવવું (to save) (૩); [૩૪] નખરા (tantrum) (૪); [૩૬] લાભ (benefit) (૨); [૩૭] નદી (river) (૨); [૩૮] ઈંડા (eggs) (૨); [૩૯] ઉતારવું (to remove) (૨).

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧] પુરૂષનું કંટાળી જવું (male get bore) (૪); [૨] ડરપોક (not brave) (૪); [૪] લોભ વૃત્તિ (greeding nature) (૪); [૫] ચુલો (burning place in kitchen) (૨); [૬] સ્ત્રીનું જવું (going of female) (૨); [૯] છાંયડો (shadow) (૨); [૧૩] કુદ્યો (jumped) (૨); [૧૪] સરકી જવું (become slip) (૩); [૧૫] કેમ ? (why) (૩); [૧૬] કોઈક (someone) (૨); [૧૭] ઉતારું (to remove)(૩); [૧૯] પરોઢિયે (early morning) (૩); [૨૦] આજે (today) (૨); [૨૪] પૂછ્યું (asked) (૨); [૨૫] લંગડો માણસ (crippled man) (૨); [૨૭] બહાદુરી (courage) (૪); [૨૮] કુવો (well) (૨); [૩૦] સંડાસ જતાં લઈ જવાનો પાણીનો ડબ્બો (bring tumbler for latering) (૩); [૩૧] મગ (mung) (૨); [૩૩] લાડકા માણસો (pampered persons) (૩); [૩૪] જા (go) (૨); [૩૫] નથી (not having) (૨).

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ
## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા

### નોટીસ : વાર્ષિક સામાન્ય સભા

વરાડીયા ટ્રસ્ટ/મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૩-૦૧-૨૦૧૯ના બપોરે ૩.૦૦ ક. શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ, કસ્તુરબા રોડ વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦ મધ્યે બોલાવવામાં આવેલ છે. સર્વે વરાડીયાવાસી જ્ઞાતિજનોને સમયસર પધારવા વિનંતી છે.

### એજન્ડા - કાર્યસૂચી

૧) ગત સભાની મીનીટસનું વાંચન અને બહાલી.
૨) વર્ષ ૨૦૧૭-૧૮ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રીપોર્ટની રજુઆત અને બહાલી.
૩) એપ્રીલ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૪ સુધી પાંચ વર્ષની મુદત માટે ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ચુંટણી/નિમણુંક.
૪) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કાર્યવાહી.

**નોંધ :** ૧) ઓડીટેડ હિસાબો તા. ૪-૧-૧૯ થી ૭-૧-૧૯ સુધી સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન મુંબઇ કાર્યાલય (C/o. આશા દીપક ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પ.), મુંબઇ-૮૦. ખાતે ઉપલબ્ધ રાખવામાં આવશે. ૨) જે વરાડીયાવાસી પુખ્ત જ્ઞાતિજનનો ટ્રસ્ટીપદ સંભાળવાની ઇચ્છા હોય તેમણે પોતાના લેખિત આવેદનપત્ર તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં મુંબઇ કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે. જો ૧૧ થી વધુ આવેદનપત્રો આવશે તો વાર્ષિક સામાન્ય સભામાં ચુંટણી થશે. અન્યથા રાબેતા મુજબ નિમણુંક/પસંદગી થશે. ૩) કોરમના અભાવે સભા મુલતવી રહેશે તો મુલતવી રહેલી સભા એ જ દિવસે એ જ સ્થળે અડધા કલાક પછી મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે. ૪) એજન્ડાને લગતા/શિવાયના સવાલો/સૂચનો મીટીંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા. ૫) સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

**લિ. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ વતી** ચેતન શાંતિલાલ શાહ - સેક્રેટરી


## શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

*ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,*
*અગણીત છે ઉપકાર એમના, એહ કદિ વિસરશો નહિં.*

**૩૧ મી પુણ્યતિથી**



**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
**દેહવિલય તા.૧૩-૧૨-૧૯૮૭**

(તેરા કચ્છ)

**૧૧ મી પુણ્યતિથી**



**માતુશ્રી વિજ્યાબેન શામજી દંડ**
**દેહવિલય તા.૦૩-૧૨-૨૦૦૭**

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિઃસ્વાર્થ સ્વભાવ, નીડરતા, પ્રમાણિકતા અને વ્યવહારિક કોઠાસુઝનો વારસો અમારા માટે હંમેશાં માર્ગદર્શક બની રહેશે. આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા ઈશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના..

~ શ્રધ્ધાંજલિ સુમન ~

**સમસ્ત આણંદ પરિવાર**

નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન અને પુત્રવધુઓ-બાળકો તેમજ સમસ્ત પરિવાર

સુથરી-કચ્છ, તા. અબડાસા
(ગુજરાત) - ૩૭૦ ૪૯૦.
ફોન : (૦૨૮૩૧) ૨૮૪૨૨૩

# શ્રી સુથરી પાંજરાપોળ

## -: જીવદયા અપીલ :-

મુંબઇ ઑફીસ : C/o. ચિટુ બી. નરશી
એમગીન ચેમ્બર્સ, ૧૦ વિદ્યાનગરી માર્ગ,
કાલીના, સાંતાક્રુઝ (ઇ), મુંબઇ-૯૮.
ફોન : ૨૬૬૫ ૧૭૪૦ / ૧૭૪૬

શ્રી સુથરી પાંજરાપોળ ૧૬૦ થી અધિક વર્ષથી જીવદયાના કાર્યો કરી રહી છે. ૧૦ થી ૧૫ દાયકાઓ પહેલાં ખેતીવાડીનો ધંધો તેમજ વિશાળ ગૌચર જમીન સંસ્થાઓ પાસે ઉપલબ્ધ હતી. ત્યારે જીવદયા પ્રવૃત્તિ સહેલાઇથી ચાલતી હતી. આજે પરિસ્થિતિ સાવ બદલાઇ ગઇ છે. દાન રૂપી ઘાસચારો બંધ થઇ ગયો. ગૌચર જમીન રહી નથી. સંસ્થાઓ દાતાઓના દાન વગર કેવી રીતે ચાલશે ?

કચ્છમાં આપણી વસતી દિવસે દિવસે ઘટતી જાય છે. ખેતીવાડી લગભગ બંધ થઇ ગઇ છે. પશુઓની હાલત ખરેખર દયનીય છે. હિંદુ શાસ્ત્રોના કહેવા મુજબ ગાયના શરીરમાં તેત્રીસ (૩૩) કરોડ દેવતા વસે છે. ગૌમાતા આપણી માતા છે.

આજે કચ્છમાં ગાયમાતા ઘાસચારા માટે ભટકે છે. કચ્છમાં ઘાસચારો મળતો નથી. માલધારીઓ હિજરત કરી રહ્યા છે. દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાઇ છે. ઘાસચારો અન્ય પ્રદેશોમાંથી મંગાવવો પડે છે. ભાવ આસમાને છે. તેથી આપ સૌ જીવદયા પ્રેમી દાતાઓને ઉદાર ભાવથી અપીલ કરીએ છીએ.

**શ્રી સુથરી પાંજરાપોળ દાન મોકલનાર સર્વે દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.**

## શ્રી સુથરી પાંજરાપોળને અત્યાર સુધી આવેલ દાનવીરોની યાદી

**૧,૨૫,૦૦૦/-**
શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મુંબઇ
જૈન સોશિયલ હડસન કાઉન્ટી, ન્યુ જર્સી
**૧,૦૦,૦૦૧/-**
માતુશ્રી ભમલબાઇ પદમશી પુંજાભાઇ પીર
હસ્તે કુલીનકાંત જૈન, સુથરી
**૭૨,૫૦૦/-**
જૈન સેન્ટર ઑફ ન્યુયોર્ક, અમેરીકા
**૫૧,૦૦૦/-**
હિરાવંતીબેન નવીનભાઇ લોડાયા, કોલકતા
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, હુબલી
**૫૦,૦૦૦/-**
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર
અને તેના સાધારણ ફંડો, મુંબઈ
**૩૦,૦૦૦/-**
શ્રી શ્વેતાંબર જૈન મંદિર, તિરૂપુર
**૨૫,૦૦૦/-**
શ્રી અચલગચ્છ જૈન સંઘ, આદીપુર
રતિલાલ વાલજી શાહ, મુલુંડ
**૨૪,૦૦૦/-**
ભવાનજી નરશી ની સુપુત્રીઓ, મુંબઇ
**૨૨,૧૧૧/-**
શ્રી અંબેમા ધરમશી પરિવાર, મુંબઇ
**૨૧,૦૦૦/-**
શ્રી નાકોડા પાર્શ્વનાથ નગર જૈન સંઘ, આદીપુર
શ્રી કે.ડી.ઓ જૈન મહારાષ્ટ્ર એકમ, મલકાપુર
**૨૦,૦૦૦/-**
શ્રીમતી નવલબાઇ દામજી હંસરાજ ધરમશી
પરિવાર રીલીજીસ અને ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ, વડોદરા

**૧૫,૦૦૦/-**
શ્રી બેંગ્લોર કે.ડી.ઓ. જૈન મહાજન, બેંગ્લોર
**૧૪,૨૦૦/-**
શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, કોચીન
**૧૧,૦૦૦/-**
શ્રીમતી ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર, કોઠારા
અજીત અમરચંદ ઝવેરી, મુંબઇ
ભારતીય ટ્રેડર્સ, અહમદનગર
માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ મોમાયા, વરાડીયા
**૧૦,૦૦૧/-**
માતુશ્રી ઝમકૂબાઇ પદમશી આણંદજી લોડાયા, મુલુંડ
**૧૦,૦૦૦/-**
કિશોર એસ. ખોના, મુલુંડ
નરશી ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ
શ્રી એલપ્પી જૈન દેરાસર, એલપ્પી
શ્રી દાદર જૈન પૌશધશાળા ટ્રસ્ટ, દાદર
**૭,૦૦૦/-**
શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-નારણપુરા, અમદાવાદ
**૫૦૦૧/-**
પ્રેમિલાબેન કાંતિલાલ દંડ, સુથરી
એલનટાઉન જૈન સંઘ, એલનટાઉન
**૫૦૦૦/-**
માતુશ્રી ઉર્મિલાબેન જવેરચંદ ખીમજી ધરમશી, મુલુંડ
સી એક્ઝીમ લોજીસ્ટી, ઘાટકોપર (ઈસ્ટ)
ટી.વી. એડ સન્સ, ઘાટકોપર (ઇસ્ટ)
શ્રી ઘાટકોપર જૈન શ્વેતામ્બર મૂ. જૈન સંઘ, ઘાટકોપર (વેસ્ટ)
માતુશ્રી વિજયાબાઈ વેરશી માયાભાઇ મોતા, મુંબઇ
શ્રી ગુજરાત કચ્છ તીર્થ યાત્રા સંઘ, હૈદરાબાદ
શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, તાંબેનગર, મુલુંડ
શ્રીમતી રતનબાઇ ત્રિકમજી રાયશી મોતા, મુલુંડ

આ ઉપરાંત અન્ય દાતાઓ તરફથી પણ સહયોગ પ્રાપ્ત થયો છે.

નોંધ : નામમાં ભુલચૂક અથવા શરતચૂક રહી ગયેલ હોય તો મિચ્છામી દુક્કડમ   દાન ૮૦ જી મુજબ રાહત પાત્ર છે.

મુંબઇ એડ્રસ બેંકની વિગત : **DENA BANK**, KALINA BRANCH
S.B. A/c No. 054310004891 • IFSC : BKDN0460543 • Mob.: 9833588250 / 9833152695

# બાયઠવાસીઓ તથા બાયઠ ગામની નિયાણી બહેનો જોગ

સહર્ષ જણાવવાનું બાયઠ મધ્યે આપણા **શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૬૮મી વર્ષગાંઠ** નીમીત્તે મહાજનશ્રીએ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તીની **પ.પૂ. સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા.** આદિઠાણાની નિશ્રામાં ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન મહાસુદ ૮ થી મહાસુદ ૧૦ **તા. ૧૨-૨-૨૦૧૯ થી તા. ૧૪-૨-૨૦૧૯** સુધી યોજેલ છે. જેમાં સૌ બાયઠવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

## ત્ર્યાન્હિકા મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પ્રથમ દિવસ | મહાસુદ ૮ તા. ૧૨-૨-૨૦૧૯ને મંગળવાર | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા |
| દ્વિતિય દિવસ | મહાસુદ ૯ તા. ૧૩-૨-૨૦૧૯ને બુધવાર | શ્રી અઢાર અભિષેક |
| ત્રિતિય દિવસ | મહાસુદ ૧૦ તા. ૧૪-૨-૨૦૧૯ને ગુરૂવાર | શ્રી ધ્વજા મહોત્સવ |

અઢાર અભિષેકના મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજીના લાભાર્થી **અ.સૌ. ઈન્દુમતી લક્ષ્મીચંદ પોલડીયા પરિવાર**
હસ્તે **રાજશ્રી ઉમેશ શાહ**
બીજા મુળનાયક શ્રી આદેશ્વર દાદાજીના અભિષેકના લાભાર્થી **શ્રી હિરાચંદ કેશવજી લોડાયા પરિવાર** (પીર)
હસ્તે **કીરણ મણીલાલ દંડ**

## ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવારો

**મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજીની દેરી**

**બન્ને સમાજની બાયઠ ગામની નિયાણી બહેનો**

**જુના મૂળનાયક શ્રી આદેશ્વર દાદાની દેરી**

**માતુશ્રી બચુબાઈ લાલજી ઉમરશી છેડા પરિવાર**

**જિનાલયના ગુંબજ તથા ચોકીયારાના**

**બન્ને સમાજની બાયઠ ગામની નિયાણી બહેનો**

તા. ૧૧-૨-૨૦૧૯ થા તા. ૧૪-૨-૨૦૧૯ સુધી ત્ર્યાન્હિકા મહોત્સવ પ્રસંગે આવનાર દરેક ભાવિકોની રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તો સૌ બાયઠવાસી ક.દ.ઓ. તથા ક.વી.ઓ. પરિવારો તથા બન્ને સમાજની નિયાણી બહેનોના પરિવારો સહકુટુંબ પધારશોજી.

**ધ્વજા મહોત્સવે પધારનારના નામો નીચે આપેલ સંપર્ક નંબર ઉપર જાણ કરવા વિનંતિ**

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા - 9930008389** **શ્રી નીલેશ મેઘજી પોલડીયા - 9925853680**
**શ્રી જગદીશ ડુંગરશી દંડ - 9820775677** **શ્રી જીતેન્દ્ર ટોકરશી છેડા - 9321353419**
**બાયઠ ઓફીસ - 02834 - 271447**

નિયાણી બહેનોને નમ્ર વિનંતિ છે કે આપ સૌએ આ અનમોલ લાભ લીધો છે તે બદલ ભૂરી ભૂરી અનુમોદના. નિયાણી બહેનો લાભ લીધેલ ઉછામણીનો ફાળો નીચે દર્શાવેલ નામોવાળાને લખાવજો અને આવવા માટેના નામ પણ નોંધાવશોજી.

**અ.સૌ. ટીનાબેન રાજેન્દ્ર પોલડીયા- 9371144777** **કુ. બોસ્કી રાજેન્દ્ર પોલડીયા - 7066975811**
**અ.સૌ. રાજશ્રીબેન ઉમેશ મોતા - 9987693334** **અ.સૌ. લતા કીશોર મારૂ - 9920750744**
**અ.સૌ લતા મયુર - 9819674811**

**લિ. શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**

**બાયઠ ક.દ.ઓ જૈન મહાજન ટ્રસ્ટ માનદમંત્રીઓના જય જિનેન્દ્ર**

# બાયઠવાસી ક.દ.ઓ. જોગ

માનનીય સભ્યશ્રીઓ,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટની એક વિશેષ સભા તા. ૭-૧૦-૨૦૧૮ના રોજ પ્રમુખશ્રી **ઠાકરશી મેઘજી ગોસર**ના પ્રમુખપદે આઈરીશ હૉલ, મુલુંડ (વેસ્ટ) મધ્યે મળેલ.

ઉપરોક્ત વિશેષ સભામાં આગામી ત્રણ વરસો ઇ.સ. ૨૦૧૯ થી ઇ.સ. ૨૦૨૧ (૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૧)ના વરસો માટે બંને સંસ્થાઓની ચુંટણી યોજવાનું સર્વાનુમતે નક્કી થયેલ છે.

## ચુંટણી બાબત વિશેષ માહિતી

૧) સૌ પ્રથમ ૧૮ વરસ કે તેથી વધુ ઉંમરની કોઇપણ વ્યક્તિ ઉમેદવારી કરી શકશે.
૨) બાયઠ મહાજનશ્રીના સભ્યો જ બંને સંસ્થામાં ઉમેદવારી કરી શકશે.
૩) તમામે તમામ ૧૮ કે તેથી વધુ ઉંમરના બાયઠવાસીઓ એ સભ્યપદ મેળવવું પડશે અને તો જ ઉમેદવારી કરી શકશે.
૪) સભ્યપદ મેળવવા માટે રૂા. ૧૧ (અંકે રૂપીયા અગીયાર) પ્રવેશ ફી ભરવાની રહેશે.
૫) સભ્યપદ મેળવવા માટે વાર્ષિક લવાજમ રૂા. ૫૧/- (અંકે રૂપીયા એકાવન) પ્રત્યેક વર્ષે ભરવા પડશે.
૬) આજીવન સભ્યપદ મેળવવા માટે એકજ વખત રૂા. ૫૦૧/- (રૂપીયા પાંચસો એક) ભરવા પડશે.
૭) કોઇપણ બાયઠવાસી ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરવાળા જ મતદાન કરી શકશે.

સભ્યપદ મેળવવાની છેલ્લી તારીખ ૧૫-૧-૨૦૧૯ રહેશે. ઉપરોક્ત ચુંટણી માટે આપણી જ્ઞાતિના સંનિષ્ઠ કાર્યકર શ્રી ભરત શામજી છેડા, નલીયા (કાંજુરમાર્ગ) વાળાની ચુંટણી કમીશનર તરીકે મીટીંગમાં નિમણુંક કરવામાં આવેલ છે. કોઇ પણ વાંધા-વચકા માટે ચુંટણી કમીશનરનો નિર્ણય આખરી ગણાશે.

ટ્રસ્ટ બોર્ડ માટે ૧૧ જગ્યાએ નીચે પ્રમાણે રહેશે.

૧) ૬ પુરૂષ + ૧ મહિલા = ૭ મુંબઇ વિભાગ
૨) ૩ દેશ-દેશાવર વિભાગ
૩) ૧ સ્થાનીક બાયઠ વિભાગ

કુલ્લ અગીયાર સભ્યોની ચુંટણી થશે (બંને સંસ્થામાં)

**ચુંટણી બાબત તારીખો :**

| | | |
|---|---|---|
| ફોર્મ આપવાની તારીખ | : | તા. ૩-૨-૨૦૧૯ થી તા. ૧૭-૨-૨૦૧૯ |
| ફોર્મ ભરવાની તારીખ | : | તા. ૩-૨-૨૦૧૯ થી તા. ૧૮-૨-૨૦૧૯ |
| ઉમેદવારોના નામોની જાહેરાત | : | તા. ૨૧-૨-૨૦૧૯ |
| ફોર્મ પાછા ખેંચવાની તારીખ | : | તા. ૨૪-૨-૨૦૧૯ |
| **મતદાનની તારીખ** | : | **તા. ૩-૩-૨૦૧૯** |

મતદાનનો સમય : **સવારના ૧૦.૦૦ થી બપોરના ૩.૦૦**
પરિણામ : **તા. ૩-૩-૨૦૧૯ તેજ સ્થળે** (ત્રણે વિભાગનું મતદાન એકજ સ્થળે થશે.)
ચુંટણી માટેનું સ્થળ : **૭૦૧ મહાવીર સીમ્ફની, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.**

ફોર્મ મેળવવાનું અને ભરેલા ફોર્મ આપવાનું સ્થળ :

૧) **શ્રી ઠાકરશી મેઘજી ગોસર**
૧૨, શિવાજી ફોર્ટ સોસાયટી, સાયન તળાવની બાજુમાં,
એન.એસ. મંકીકર માર્ગ, સાયન (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૨૨.
ફોન નં. : ૦૨૨-૨૪૦૧૬૦૯૩

૨) **શ્રી નવીન નારાણજી ધુલ્લા**
૧૧૪, એ-૨, કૈલાસ કોમ્પલેક્સ,
એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ) મુંબઇ-૪૦૦ ૦૭૮.
ફોન નં. : ૦૨૨-૨૫૯૫૩૯૯૧

ફોર્મ મેળવવા તથા આપવાનો સમય : બપોરના ૨.૦૦ થી ૬.૦૦

- મતદાન કરનારે પોતાનું ઓળખપત્ર સાથે લાવવું પડશે
- સભ્યપદ મેળવવા માટે વસતિપત્રક કુટુંબ ક્રમાંક નંબર લખવાનું ફરજીયાત છે.

**એજ લિ. શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**બાયઠ ક.દ.ઓ જૈન મહાજન ટ્રસ્ટ માનદમંત્રીઓના જય જિનેન્દ્ર**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - ભાંડુપ

૨૬-૧૦-૨૦૧૮ના પૂ. સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા પાંચની ''તારક'' નિશ્રામાં કચ્છ નલીયાના માતુશ્રી ભાગબાઇ ભાગ્યચંદ પટેલ પરિવારના રામૈયા તથા માસાઇમા બધુ બેલડીની ગુરૂ શ્રધ્ધા વફાદારી અને વિશ્વાસની પૂ. સા. શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.એ પ્યોર અને નક્કર કચ્છી ભાષામાં 'વેશ્વાસેં વાંણ હલેંતા' વાર્તા કહેતાં ૩૭૫ જણે સાંભળી આનંદ વ્યક્ત કર્યો હતો. શ્રી ક.દ.ઓ. જૈન સંઘે આયોજન કરતાં મહાજનશ્રીના પ્રમુખ શ્રી કલ્પેશભાઇ અને વિવિધ મહાજનો મંડળોના પદાધિકારી પધાર્યા હતા. અને શ્રી સંઘે આયંબીલ ઓળીના દાતા માતુશ્રી વેલબાઇ લધુભાઇ લોડાયા પરિવારનું ગૌરવ કર્યું હતું. શ્રી મનોજ લોડાયાએ સખત પરિશ્રમ કર્યો. ચા.મા. લાખેણા દાતા માતુશ્રી મણીબાઇ ખેતશી મોમાયાના હસ્તે ઉત્તમચંદ ભાઇનું શ્રી સંઘ તરફથી શ્રી કલ્પેશ મોતાએ લાખેણું બુહમાન કર્યું.

દિવાળીએ નિત્ય આકર્ષક આંગીઓ રચાઇ. સવારના ૫.૩૦ દાદાના રંગ મંડપનું દ્વારોઘાટન શ્રી આણંદ પરિવાર દેવાંગ દંડ, ગંભારાનું શ્રી રાજેષ રામજી મૈશેરી અને મહાવીર સ્વામીના ભંડારાનું દ્વારોઘાટન શ્રી આણંદ પરિવાર ચિંતન દંડ ચડતા ભાવે કર્યું. અભિષેક તથા પ્રથમ પૂજાના ચડાવા શ્રેષ્ઠ રહ્યા. નવા વરસે ગૌતમ સ્વામીના રાશ વાંચન સાથે ૫૦૦૦૦ મંત્રોચ્ચાર થયા. છેલ્લા ૧૫-૧૭ વરસથી ભાંડૂપ સંઘમાં નવા વરસે સાંધવના સંઘમાતા માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા તરફથી ૨૬૦ ઘરોમાં શુકનવંતી પ્રભાવના રૂપે શ્રીફળ અને એક કીલો ગોળની શુકનવંતી પ્રભાવના થઇ.

શ્રી નરેન્દ્ર ચારૂ સંસ્કાર સમાયયિક મંડળના ૩૦ સભ્યો નાની-મોટી પંચતીર્થી આ. ભગવંત આદી મુનીવરોને વંદવા સાથે જિનાલયોને જુહાર્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

આસો માસની આયંબિલની ઓળી ૧૬-૧૦-૨૦૧૮ થી ૨૩-૧૦-૨૦૧૮ સુધી મહાજનશ્રીની નિશ્રામાં શ્રીમતી મમુબાઇ વેલજી નાગડાના સૌજન્યથી સહ લાભાર્થી ૪૮ પરિવાર તરફથી કરાવવામાં આવેલ. આ વર્ષે કુલ ૧૯૦ આયંબિલની તપસ્યા થયેલ. તેમાં નવ આયંબિલ વાળાની સંખ્યા ૧૬ હતી. તેમનું મહાજનશ્રી દ્વારા બહુમાન કરવામાં આવેલ. વાપીથી શ્રી પ્રદીપ વેરશી સાયલા આયંબિલની ઓળી કરવા પધારેલ તેમનું પણ મહાજનશ્રી દ્વારા બહુમાન કરવામાં આવેલ. આયંબિલની ઓળીની રસોઇ બનાવવાની


**સાડીઓના અનુભવી શાંતીભાઇને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.

તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


### ક.દ.ઓ. પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનો જોગ

**(ગોએરસમા, રંગપુર, બાયઠ, બારોઇ, લુણી, ડુમરા)**

ગોરંગ બાલુડો પોલડીયા પરિવારો દ્વારા કચ્છ ઘણીયાણી કચ્છ કુળદેવી મા આશાપુરા માતાજીની દશમી પહેડીનું રવિવાર તા. ૨૦-૧-૨૦૧૯ના રોજ મુલુંડ મુકામે આયોજન કરવામાં આવેલ છે.

તો આ પ્રસંગે છ એ છ ગામોના પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

**સ્થળ : ફ્રેન્ડસ એજ્યુકેશન કોઓપરેટીવ સ્કુલ, મુલુંડ**
૫૫૪/ડી, એલ.બી.એસ માર્ગ, મુલુંડ (વેસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૮૦.
**સમય :** સવારના ૮.૩૦ થી ૨.૩૦ કલાકે

સવારના ૮.૩૦ કલાકે ફ્રેન્ડસ સ્કુલના પ્રાગંણથી પૂ. માતાજીની શોભાયાત્રા વાજતે ગાજતે શરૂ થશે. તો સૌ ભાવિકો તથા નિયાણી બહેનો સહકુટુંબ સમયસર પધારશોજી.

**પહેડીના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મણીબાઇ લાલજી કેશવજી પોલડીયા સમસ્ત પરિવાર**

એજ લી.
**ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર સમિતિના જય માતાજી**

જવાબદારી શ્રીમતી વિમલા સંજય મોતાએ પાર પાડેલ.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ, ખામગામ - શેગાંવ

૧૪-૧૦-૨૦૧૮ના બ્યુટી પર સેમીનાર રાખવામાં આવેલ. જેમાં કુ. ખુશ્બુ મોમાયાએ મેકઅપ અને હેરસ્ટાઇલનો ડેમો પ્રત્યક્ષ કરીને બતાવેલ. સુંદર ટીપ્સ આપતાં અને સ્ટેપ બાય સ્ટેપ મેકઅપ કેમ કરવો એ વિશેષ સ્વરૂપે સમજાવ્યું અને એનાથી લુકમાં કેવો ચેન્જ આવી જાય તે બતાવ્યું કાર્યક્રમનું સંચાલન સૌ. હેતલ લોડાયાએ કરેલ સૌ. પૂષ્પાબેન મોમાયાએ ઓન ધ સ્પોટ ગેમ રમાડી જેમાં પ્રથમ સૌ. પ્રેરણા નાગડા, દ્વિતીય સૌ. નીતા નાગડા અને તૃતીય જયાબેન લોડાયા રહ્યા. ઇનામો સૌ. રીયા મોમાયા તરફથી આપેલ.

ત્યારબાદ મંચના ૪ સભ્યો તૃપ્તી લોડાયા, લીલા નાગડા, નીના નાગડા અને સોનમ વીકમશીનું બહુમાન અને અનુમોદના કરવામાં આવેલ. છેલ્લો પ્રથમ વરસની પ્રોજેક્ટ ફાઇલ નવી બોડીને સોંપવામાં આવેલ અને આવનારા નવા બોડી મેમ્બરોને બેચ પણ પહેરાવવામાં આવ્યા.

### ભાંડૂપ નવરાત્રી મહોત્સવ

હર વરસની માફક 'અનંત મિત્ર મંડળે' ૪૫ પરિવારોના સહકારે મહાકાલી માની સાધના આરાધના અને ઉપાસના કરાવી. અચલગચ્છની રક્ષાર્થે ભાવના ભાવતાં ફાલ્ગુન ખોનાએ મંત્રોચ્ચારે માહોલ ઉભો કર્યો. સોરઠી અવાજે વિનય લોડાયાએ ભાવ ભભરાવ્યો, હરીશ ડાઘા, કીરીટ લોડાયાએ ચાચરના ચોકે ગરબા રમાડયા. વિપુલ લોડાયાએ રમઝટ જગાવી. યોગેશ પટેલે તબલા વાદન કર્યું. વિશિષ્ટ આરતી, શણગાર નિત્ય રાખી ઇનામ અપાતું. લક્કી ડ્રો માં પાવાગઢની ટીકીટ અપાઇ. દશેરા ધામધૂમથી ઉજવાવું. શ્રી ધનભાઇ લાલકા વ્યવસ્થા જાળવેલ.

શ્રી સંઘે ગરીબોને જૂના કપડા, ગરીબોને આપવા અપીલ કરતા ચાર મોટા બોક્ષમાં ૧૦૦૦ કપડા ''માનવ રાહત કેન્દ્ર'' મારફત મહારાષ્ટ્રના છેવાડેના ગામોમાં ગરીબોને આપ્યા.

પૂ. મુનીરાજ શ્રી અભ્યુદયસાગરજી મ.સા. કાળધર્મ પામતાં કાઉસ્સગ અને મોટી પૂજા ભણાવી. દિવાળીએ આદીનાથ દાદાના જાપ અને પ્રતિક્રમણમાં ભાવિકો જોડાયા.

**લગ્નસંબંધી :** મહારાષ્ટ્ર સ્થિત જન્મ તા. ૨-૧૦-૧૯૮૨ કુવારા યુવક માટે કુવારી, છુટાછેડાવાલી નિદોષ કન્યા ચાલશે. પોતાની વેરીફિકેશન એજન્સી છે.
મો.: **93730 37447 / 92722 25911**
એજ લી. **મણીકાંત શિવજી પોલડીયાના જય જિનેન્દ્ર**

માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા હ. મનોજ લોડાયા અને અ.સૌ. ડિમ્પલ બહેને સવા કીલો લાડુ ધરાવ્યો. શ્રી સંઘની જાહેરાત પ્રમાણે પ્રતિક્રમણ ધારી સંખ્યાએ કરશે તેને કુલપાકજી યાત્રા કરાવવામાં આવશે.

જ્ઞાન પાંચમના દિવસે જ્ઞાનના ૫૬ ખમાસણ આપી. સમ્યગ જ્ઞાનની વિશિષ્ટ સાધના કરતાં બાળકો સાથે સરસ્વતી ભક્તો જોડાતા સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા.એ જ્ઞાન સાધવા ભાર મૂકી સાવધાન કર્યા. અ.સૌ. નયના નરેશ મૈશેરીએ જ્ઞાનના માંડવાને સોળે શણગારે સજાવ્યો.

### પૂ. આ.ભ. શ્રી ગુણસાગરજી મ.સા.ની ૩૦મી પુણ્યતિથી, ભાંડુપ

પૂ. આ.ભ. શ્રી ગુણસાગર મ.સા.ની ૩૦મી પુણ્યતિથી તપ સાથે પૂ. સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ઉજવી. સા.ભ. સાહેબના અવતરણથી વિથૂપ પર્યતના અનેકાનેક દૃષ્ટાંતો સાથે અહોભાવે કહ્યા તો લહેરચંદભાઇ મૈશેરીએ ગચ્છ ઉપર સાહેબજીના અનેક ઉપકારો જેમકે પોથીના જાગરણમાં નાસ્તા-પાણી નહીં, ભા સુદ બીજના શ્રીફળ વધેરેવા નહીં, વરસી તપ અને સામુદાયિક ઉજવણીની પ્રેરણા, હર પરામાં ઉપાશ્રય જિનાલયની ભેટ, પસ્તી કાગળનો ઉપયોગ અને અનેક બા.ભ. ની દીક્ષા સંપન્ન કરાવી. દિક્ષિત કર્યા એવા ઘણાં ગુણગાન ગાયા.

### આસો માસની શાશ્વતી ઓળી, ભાંડુપ

સંપૂર્ણ ઓળીનો લાભ રાપરગઢવારીના માતુશ્રી વેલબાઇ લધુભાઇ લોડાયા હ. અ.સૌ. ધનલક્ષ્મી પુનશી લોડાયાએ લાભ લઇ પુનશીભાઇએ સ્વદુકાનેથી સાફ સુથરૂ, એ વન ક્વોલીટીનાં ધાન્ય મોકલાવ્યા. રોજ પરિવારના સદસ્યોને પીરસી અને આયંબીલ કરતા. અરિહંતપદથી તપ સુધીના ૫૬ સુધીના રંગના ધાન્ય સાથે રૂા. ત્રણ રોકડાની પ્રભાવના કરી ઉછળતા ભાવે ભક્તિએ હોવા તથા. પારણા પણ અહોભાવે કરાવી. મન ભાવન પ્રભાવનાએ પ્રભાવીત કર્યા. શ્રી સંઘ તરફથી શ્રી કલ્પેશ મોતાએ ગૌરવ કર્યું. નિત્ય ૩૦ થી ૩૫ આયંબીલની વ્યવસ્થા સંઘની બહેનો સાથે શ્રી મનોજ લોડાયા, ચીમનભાઇ નાગડા, મિહિર, ગીરીશ


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976

લોડાયાએ જાળવી.

પૂ. સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા. નિત્ય નવે નવ પદના મહિમા અને ગુઢાર્થ સમજાવી સાધના આરાધના અને ઉપાસનાએ રસ તરબોળ કર્યા. શ્રી પાલ-મપણા રાશનો મહિમા સમજાવ્યો અને આરાધકોને ઉત્સાહિત રાખ્યા. પ્રતિક્રમણના પોંખણે બેસી વધુ પ્રતિક્રમણ કરનારાઓનું માતુશ્રી લધીબાઇ ચાંપશી છેડા તરફથી બહુમાન કરાવ્યું દિવાળીની છઠ્ઠ આઠમ કરનાર તપાયા સાથે દિવાળીએ પૌષધ પેરનારાઓનું પણ શ્રી સંઘે બહુમાન કર્યું.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ, મોટી સિંધોડી
### ગરબા તથા દાંડિયા રાસ ૨૦૧૮

૨૭-૧૦-૨૦૧૮ના ભાંડુપ મુકામે યોજવામાં આવેલ જેમાં ૯૦-૧૦૦ સભ્યોની હાજરી રહેલ. મોટી સિંધોડી મહાજન તથા ટ્રસ્ટના મહાનુભાવોએ હાજરી આપેલ. જજ તરીકે અ.સૌ. કલ્પનાબેન દિપક ધરમશી પોતાની સેવા આપેલ. વિજેતાઓને ટ્રોફી તથા ઇનામોથી નવાજવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિવિધ વસ્તુઓના સ્ટૉલ રાખવામાં આવેલ. મહિલા મંડળના દરેક પદાધિકારી તથા સમિતિના સભ્યોએ પોતાની કુનેહથી સંપૂર્ણ કાર્યક્રમ પાર પાડેલ.

### શ્રી નેમિનાથ જિનાલય જીર્ણોધ્ધાર, મોટી સિંધોડી

શ્રી નેમિનાથ દાદાની અસીમ કૃપા, ગુરૂ ભગવંતના વિશિષ્ટ આશિષસહ પ્રોત્સાહિત સધિયારા સાથે જીર્ણોધ્ધાર માટેની અપીલો ઘણા બધા સંઘો, ટ્રસ્ટો તથા મહાજનોમાં મોકલાવેલ છે. સારા પ્રતિભાવ મળે છે. ફંડ આવવાના પણ ચાલુ થઇ ગયેલ છે. આપ સૌના સાથ અને સહકારથી ઉપરોક્ત કાર્ય જલ્દીથી જલ્દી પૂર્ણ થાય એવી દાદા પાસે અરજી.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ જૈન મહાજન - રાયપુર

૧૧ નવેમ્બર ૨૦૧૮ શ્રી કુથુંનાથજીની છત્રછાયામાં દિવાળી મિલન અને વિદ્યાર્થી અભિવાદન સમારોહ રાખવામાં આવેલ. અતિથિ તરીકે બે પ્રતિભાશાળી મહિલાઓ શ્રીમતી હેમલબેન મનીષભાઇ લોડાયા અને ડૉ. શ્રીમતી પ્રતિભાબેન કેતન શાહ હતા. અતિથિયો દ્વારા દીપ પ્રાગટ્ય અને શ્રી કુંથુનાથ દાદા, શ્રી મહાકાળી માતાજી અને જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની ફોટોને માલ્યાર્પણ થયું. શૈક્ષણિક સત્ર ૨૦૧૭-૧૮માં સફળ થયેલ સર્વે વિદ્યાર્થીઓનું અભિવાદન અને પુરસ્કાર વિતરણ કરવામાં આવેલ. મહાજનવતી મહાજન પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા સર્વેને નવવર્ષની શુભેચ્છા આપી કાર્યક્રમનું સંચાલનના સહમંત્રી જયેશ કલ્યાણજી નાગડાએ કરેલ.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ જૈન મહાજન - રાયપુર

છત્તીસગઢ રાજ્યમાં નાના બાળક-બાળિકાઓના વિકાસ માટે કાર્યરત સંસ્થા ''છત્તીસગઢ રાજ્ય બાલ-કલ્યાણ પરિષદ''ની નવી કમિટીનું ગઠન થયું. જેમાં આપણા રાયપુર મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ આ સંસ્થાની કાર્યકારિણી ના સદસ્ય તરીકે નિમણુંક થયા છે. સમાજસેવાની સાથે આપણા ચંદ્રેશભાઇ રાજનીતિક ક્ષેત્રમાં પણ સક્રિય છે. હાલમાં રાયપુર વિધાનસભા ચુંટણી માટે રાષ્ટ્રીય પાર્ટી ભાજપની કોર કમિટી ના સદસ્ય રીતે એમને સ્થાન અપાયું છે.

### ક.દ.ઓ જૈન સંઘ કાંજુરમાર્ગ

આસો માસની નવરાત્રી દરમ્યાન દરરોજ બપોરે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી હતી.


॥ શ્રી મોમાઇ માતાય નમઃ ॥

**શ્રી વરાડીયાના મોમાયા પરિવારના કુળદેવી**
**શ્રી મોમાઇ માતાજીની ૨૬ મી સમુહ પહેડી**

**પોષ સુદ ૧૪, રવિવાર તા. ૨૦/૧/૨૦૧૯ના રોજ સવારના ૯ કલાકે જીવરાજ ભાણજી સભાગૃહ, અશોક નગર, મુલુંડ (વેસ્ટ)** ખાતે હર્ષ ઉલ્હાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવવાનું નક્કી થયેલ છે. વરાડીયાવાસી મોમાયા પરિવારજનો તથા નિયાણી બહેનોને સહ પરિવાર પહેડીમાં પધારવાનું ભાવભીનું આમંત્રણ છે.

લિ. **મોમાયા પરિવાર (વરાડીયા)** વતી
**ભુવા શ્રી લલીત ધનજી મોમાયાના જય માતાજી**

વરાડીયા કચ્છ નગરે બિરાજમાન શ્રી મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૧મી ધજા મહાસુદ પુનમ, મંગળવાર તા. ૧૯/૦૨/૨૦૧૯ સવારના ૯ કલાકે શુભ મુહુર્તે ચડાવવામાં આવશે. ભાવિકોને આ શુભ પ્રસંગે પધારવા આમંત્રણ છે.

૧) મુંબઇથી કચ્છ તરફ પ્રસ્થાન રવિવાર તા. ૧૭/૨/૨૦૧૯ - સયાજી નગરી એક્સપ્રેસ દ્વારા • ૨) કચ્છથી મુંબઇ તરફ પ્રયાણ તા. ૧૯/૨/૨૦૧૯ - કચ્છ એક્સપ્રેસ દ્વારા

જે ભાવિકો આ પ્રસંગે આવવા મણતા હોય તેમણે પોતાની રીતે ટિકિટ કઢાવી ભુવાશ્રી લલીતભાઇને જાણ કરવી જેથી કચ્છ મુકામે યોગ્ય વ્યવસ્થા થઇ શકે.

મોબાઇલ : 98210 38775



**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ

દરરોજ અલગ-અલગ લાભાર્થીએ લાભ લીધેલ હતો. રાત્રે અંબેમાની આરતી તથા રાસ ગરબાની સારી રમઝટ જામી હતી. સારી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ હતો.

આસો માસની શાશ્વતી આયંબીલની ઓળી કરાવવામાં આવી હતી. આયંબીલમાં સારી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ હતો. આયંબીલના લાભાર્થી પરિવાર : ૧) માતુશ્રી વીજયાબાઇ વેરશી માયા મોતા (વરસોવા-સુથરી), ૨) માતુશ્રી કુંવરબાઇ વસનજી માયા મોતા (વિક્રોલી-સુથરી)એ લાભ લીધેલ હતો. ૩) આયંબીલ દરમ્યાન શ્રી પ્રતાપ મુલજી પીરનો સાથ સહકાર મળેલ હતો. આયંબીલની વ્યવસ્થા માટે પોતાની રૂમ વાપરવા આપેલ તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

## હોપ-૧૦૦૦

૧૧ નવેમ્બર ૨૦૧૮ના સાંજે ગુજરાત ક્લબ માટુંગા ખાતે હોપ-૧૦૦૦ના પ્લોટ ધારકોની એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હૉપ-૧૦૦૦ની કમેટી તરફથી શ્રી તિલકચંદભાઇ લોડાયા અને શ્રી તરૂણ ધરમશી હાજર હતા. પ્લોટ ધારકો તરફથી રાજેશભાઇ શાહ (દોસ્તી) અને મુકેશભાઇ દામજી મૈશેરી હાજર રહ્યા હતા.

લગભગ અંદાજે ૪૫ પ્લોટ ધારકોએ હોપ-૧૦૦૦ની વર્કિંગ કમિટીને સંપૂર્ણ સહકાર આપવાની બાહેંધરી આપી હતી. આથી નજીકના ભવિષ્યમાં આપણી જ્ઞાતિના જરૂરતમંદોને પોતાનું ઘર ડોંબિવલી ખાતે મેળવવાની આશા નિર્મિત થઇ છે.

## શ્રી અનંત આરોગ્ય નિધિ ટ્રસ્ટ

જ્ઞાતિના પુણ્યોદયના પ્રતાપે શ્રી અનંત આરોગ્ય નિધિ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી માલતીબેન જયંતિલાલ ભવાનજી સોની સંકુલ, લામ રોડ દેવલાલી, નાસિક ખાતે શ્રી નવલ સદ્ગુણા નવગ્રહ ધ્યાનાલયમાં ૧૮-૧-૨૦૧૯ થી ૨૪-૧-૨૦૧૯ દરમ્યાન સામાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પધારવા સમસ્ત કે.ડી.ઓ. જ્ઞાતિને નેહભર્યું નિમંત્રણ છે.

## અભિનંદન

૧) ચિ. અર્પિત મનીષ લોડાયાએ ૩૫મી નેશનલ અબેકસ કોમ્પીટિશનમાં ગોલ્ડ ટૉપર રહીને સફળતા મેળવી. આ પ્રતિયોગિતા ૨૯મી એપ્રિલ ૨૦૧૮મા નવી દિલ્હીમાં યોજાયેલ હતી.

૨) કુ. હિયા નયનભાઇ છેડા એ ૨જી ઓપન સ્ટેટ કરાટે ચૅમ્પિયનશીપ (૮થી ૧૦ વર્ષ વર્ગ, ૨૫ કિ.ગ્રા.)માં બીજું સ્થાન મેળવેલ.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સચિન દિલીપ મોતા** (PS 7136) | A2/304, ડ્રીમ સિટી, દ્વારકેશ પાર્કની પાસે, આલાપ ગ્રીન સિટીની પાછળ, રૈયા રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૭. મો.: 09427568360 |
| **હરીશ ખેતશી સિયાડ** (PS 3223) | ડી-૫૦૪, કર્ણાવટી એપાર્ટમેન્ટ ૪, ડિવાઈન ઈન્ટરનેશનલ સ્કુલ પાસે, નરોલ, અમદાવાદ - ૩૮૨ ૪૦૫. મો.: Harish 09702854854, Nisha 09702853853 |
| **પિયુષ પદમશી લોડાયા** (PS 4971) | ૨૦, પ્રમુખ પ્રસાદ સોસાયટી, ડ્રીમલેન્ડ કોમ્પ્લેક્સ પાસે, સન સિટી સર્કલ, મંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧. મો.: 09998621789 |
| **શરદ નાથાલાલ શાહ (લોડાયા)** (PS 582) | ૮૦૨, એ વિંગ, હેતાલી બ્લેસિંગ્સ, વિશ્વેશ્વર નગર, ઓફ આરે રોડ, ગોરેગાવ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૩. મો.: 09892899760 |
| **શ્રીમતી હીરાબેન નેણશી ખોના** (PS 57) | ૬૦૬, સી વિંગ, સનગ્લો, રહેજા વિહાર, ઓફ ચાંદીવલી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૨. મો.: 09820173975 |
| **રતીલાલ શામજી મોમાયા** (PS 3238) | જી-૧૮૦૬, આશા જ્યોતી, સમર્થ ગાર્ડન, દત્ત મંદિર રોડ, ગોપાલ હોટલ લેન, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: 09819197332 |
| **દામજી હંસરાજ ગાલા** (PS 1195) | ૬-બી/૪૦૩, કુકરેજા કોમ્પલેક્સ, ૪થે માળે, જૈન મંદિરની સામે, એલબીએસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: Damjibhai 09987240930, Chetan 9967773450, Home 022-25662445 |
| **ચેતન નવીનચંદ લોડાયા** (PS 2163) | બી/૩૦૩, સાઈ હેરીટેજ, સંત તુકારામ રોડ, દીપા એપાર્ટમેન્ટની સામે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: 08652001616 |
| **નાયક ચાંપસી દંડ** (PS 6434) | કસ્તૂર લક્ષ્મી, ગાયત્રી મંદિરની પાસે, વૉર્ડ નં. ૭, બેલાપુર રોડ, શ્રીરામપુર - ૪૧૩ ૭૦૯. મો.: 09422222667 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૮-૧૮ | વિદ્યાવિહાર | યુવાન, નેહા અંકિત નકુલ લોડાયા | સુથરી | પુત્ર |
| ૦૬-૦૯-૧૮ | ગાંધીધામ | કુશ, નિરાલી હર્ષ મુકેશ ધરમશી (ભુલ સુધાર) | સુથરી | પુત્ર |
| ૧૯-૧૦-૧૮ | મુલુંડ | ગૌરાંશ, ધારિણી નિશીથ નવીન અજાણી (લોડાયા) | કોઠારા | પુત્ર |
| ૨૩-૧૦-૧૮ | ડોમ્બીવલી | દીયાંશ, બીના શીતલ બિપીન શિયાલ | દલતુંગી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૧-૧૮ | ડોમ્બીવલી | ભાવિન રાજેશ શિવજી ધરમશી | રંગપુર | ૨૬ |
| | મુલુંડ | ઉર્મી ભાવેશ શાંતિલાલ છેડા | સુથરી | ૨૩ |
| ૧૨-૧૧-૧૮ | ડોમ્બીવલી | સચિન અશોક કાનજી દંડ | સેવક ભરૂડીયા | ૨૭ |
| | નાલાસોપારા | ઉન્નતી દિપક પદમશી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૧-૧૮ | મુલુંડ | ડૉ. દેવેન રાજેન્દ્ર મણીલાલ કુરૂવા | ગોધરા | ૨૬ |
| | મુલુંડ | ડૉ. સમૃધ્ધિ સારંગ મનોહર દાની | મુંબઈ | ૨૫ |
| ૦૯-૧૧-૧૮ | ડોમ્બીવલી | અમર જીતેન્દ્ર ઉમરશી ગડા | ગુંદાલા | ૩૧ |
| | ડોમ્બીવલી | ખુશ્બુ મનોજ દેવશી ધ્રોળ | ગોધરા | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૯-૧૮ | યુએસએ | ખીમજી ઠાકરશી ભવાનજી ધરમશી | કોઠારા | ૯૧ |
| ૦૫-૧૧-૧૮ | મુલુંડ | નવીન દામજી ધરમશી | મોટી ખાવડી | ૮૦ |
| ૦૭-૧૧-૧૮ | ઘાટકોપર | ધનલક્ષ્મી નિરંજન લોડાયા | રંગપુર | ૭૪ |
| ૧૦-૧૧-૧૮ | થાણા | હિરબાઈ રતનશી પાશ્વીર ડાઘા | વરાડીયા | ૮૫ |
| ૧૨-૧૧-૧૮ | જલગામ | સંધ્યા મનોજ પદમશી ધરમશી | નલિયા | ૫૩ |
| ૧૨-૧૧-૧૮ | મુલુંડ | નિર્મલાબેન લક્ષ્મીચંદ મેઘાણી | રંગપુર | ૮૭ |
| ૧૬-૧૧-૧૮ | બેંગલોર | રેવન્તીબેન ભવાનજી ધરમશી | સુથરી | ૮૧ |
| ૧૬-૧૧-૧૮ | ડોમ્બીવલી | ભરત ગાંગજી ધરમશી | રંગપુર | ૬૧ |
| ૧૭-૧૧-૧૮ | વડોદરા | માણેકજી ખીમજી લોડાયા | સાંયરા | ૮૫ |
| ૧૭-૧૧-૧૮ | ડોમ્બીવલી | મણીલાલ કુંવરજી ધરમશી | સાંધાણ | ૬૫ |
| ૧૮-૧૧-૧૮ | સાંયરા | મણીલાલ શામજી મોમાયા | સાંયરા | ૭૯ |
| ૧૮-૧૧-૧૮ | મુલુંડ | દિલીપ લક્ષ્મીચંદ/ચાંપસી ભારમલ નાગડા | રાપરગઢ | ૬૪ |
| ૨૦-૧૧-૧૮ | અંકલેશ્વર | જીતેન્દ્ર આણંદજી ખોના | વાંકૂ | ૬૫ |

### ધર્મ સંદેશ - ૧૩૦ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) અજીતનાથ (૪) નવકારશી (૭) નામ (૮) નારી
(૯) ચાર (૧૦અ) ત્રિ (૧૧) ઉના (૧૨) ડાબી (૧૪) વામા
(૧૬) અનાથ (૧૮) નવ (૨૦) વડાલા (૨૨) વાડી
(૨૩) રાતા (૨૪) લવણ (૨૬) સિંહ (૨૭) સાંજી
(૨૯) સિંહ (૩૧) તિલક (૩૪) પુરીમતાલ (૩૫) ચંપાપુરી

ઊભી ચાવીઓ -
(૨) જીતારી (૩) નાગેશ્વર (૪) નમણ (૫) કાકિન્દી
(૬) શીતલનાથ (૮) નાકોડા (૧૦) સેવા (૧૧) ઉનાળા
(૧૩) ખીદડા (૧૫) માન (૧૭) નિર્વાણ (૧૯) વરાહ
(૨૦) વસુભૂતિ (૨૧) લાલ (૨૫) વહી (૨૬) સિંહપુરી
(૨૮) જીનાલય (૩૦) દમણ (૩૨) લક્ષ (૩૩) ચંપા

### કચ્છી કસબ - ૧૩૦ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) વેલાલી (૩) પિયાલો (૭) લડ્ડા (૮) છમલછાંઈ (૧૦) પાછલો
(૧૧) પુણી (૧૨) છટ (૧૩) કેંલા (૧૮) પેપે (૨૦) અભરો
(૨૧) કઈ (૨૨) રોલીપ્યો (૨૩) જલા (૨૫) મંજો (૨૬) છેણાં
(૨૭) વાંઢો (૨૯) છેધરો (૩૧) મોંગ (૩૨) ભચાય (૩૪) વેનાગડા
(૩૬) લાવો (૩૭) નય (૩૮) ઈનાં (૩૯) લાય

ઊભી ચાવીઓ -
(૧) વેડચી રૂયો (૨) લીલપપુ (૪) લોછલોછ (૫) ચોલ
(૬) વઈ (૯) છાંય (૧૩) ટપે (૧૪) સેરીવ્યો (૧૫) કોભલા
(૧૬) કેંક (૧૭) લાઈયાં (૧૯) પેરોજો (૨૦) અજ
(૨૪) પોછે (૨૫) મંઢો (૨૭) વાંગડાઈ (૨૮) વાય
(૩૦) ધલવો (૩૧) મોંગ (૩૩) ચાગલા (૩૪) વેન (૩૫) નાય





# SHREE BALAJI TRAVELS

## INTERNATIONAL & DOMESTIC

- FLIGHT BOOKING
- HOTEL BOOKING
- PACKAGES
- VISA
- PASSOPORT ASSISTANCE
- RAILWAY BOOKING
- CAR / BUS BOOKING

-: CONTACT :-

**PRASHANT KHUSHAL KHONA**
8691011111 / 7021344846

**DIPESH AJIT SAYLA**
9833008064

**BHAVIK AJIT SAYLA**
9833062286

Address : 5/B NEELYOG SQUARE MALL, OPP. RAILWAY STATION, GHATKOPAR (E), MUMBAI - 400 077. EMAIL : balajitravels212@gmail.com

**NOTE :** Special fare available • 24hours service available

---

# HEARTIEST CONGRATULATIONS & BLESSINGS TO EXCELL IN ALL ENDEAVOURS





## KEYA HIREN RAICHAND SHIAL

**(Daltungi-USA)**

Passed 12th (2016-17) Magna Cum Laude, from The Academy Of Science & Technology, Rank 60/665, GPA 3.6786/4.0000 = 91.97%

Finalist at the 2016 DECA Intl. Career Dev. Conference in Creative Marketing Project out of 18000 candidates Ranked 3rd in the 2014 Houston Science and Engineering Fair. 3rd year of BS Mechanical Engr. & Minor in Material Science, and plans to complete PhD in Material Science. Research Assistant for Texas A&M Materials Science and Engineering (Summer 2018 - Present), will continue as Research Fellow in Summer 2019. On Department of Engineering Dean's List at Texas A&M University

## KUNJ HIREN RAICHAND SHIAL

**(Daltungi-USA)**

Passed 12th Summa Cum Laude 2018 from Oak Ridge High School. Rank 9/949, GPA 3.84/4.00 = 96%, All A's Honour Roll

Varsity Basketball & Track teams 2016 to 2018, awarded High School Basketball Defensive Player of the Year 2017/18. Scholar Athlete Recognitions – 2018 RISE (Respect, Integrity, Service, Education) awarded to only one scholar-athlete from all Texas High Schools, Texas All Academic District, Texas All Academic State and Texas National Guard & Athletic Coach's Association. Educational Scholarships from Wells Fargo, Woodlands Lion's Club, Rotary Club of The Woodlands, Fred Haas Toyota World, The Mike OGG All Montgomery County Scholar - Athlete & Scholar – Basketball player of The Year, and Conroe ISD Educational Foundation. 1st year of BS Biochemistry at Texas A&M University with further plans to complete PhD in same subject.

**Dadi & Dada: Smt. Vimla Raichand Dharshi Shial (Daltungi – Borivali)**
Home + 91 22 2885 8946, Mobile: + 91 99309 72991 & + 91 91525 66248

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૮-૦૮-૧૯૫૩

અરિહંત શરણ :
તા. ૨૨-૧૦-૨૦૧૮

### સ્વ. શ્રી નવીન હંસરાજ ગાલા

ગામ : કોટડી મહાદેવપૂરી - હાલ : ડોંબિવલી

સાથ હજી જોઈતો હતો તમારો, ડગલે ને પગલે સાથ હતો તમારો, તમારા વગર કેમ દિવસો કાઢીશું ?
જીવન એવું જીવ્યા કે ભુલાય નહીં, વિદાય એવી લીધી કે હૈયુ કંપી ઉઠયું,
યાદ આવો છો વારંવાર અને અમારી આંખેથી વહે છે અશ્રુધાર...

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિરશાંતી સાથે ઉચ્ચગતી આપે એજ પ્રાર્થના...

**શોકાતુર**

ધર્મપત્ની : પ્રેમલતા નવીન ગાલા
માતા-પિતા : જેવંતી હંસરાજ ગાલા
સાસુ-સસરા : ચંદનબેન જાધવજી ધરમશી (નલીયા)
પુત્ર-પુત્રવધુ : હર્ષા તેજસ ગાલા
પૌત્ર : ક્રીશ તેજસ ગાલા

## જતીનભાઈ જયચંદ લોડાયાના સથવારે ફોટોગ્રાફીની અસરો પર પરિસંવાદ



ડિજીટલ કેમેરા અને સ્માર્ટફોનના જોડાણથી આજે દરેક ફોનધારક ફોટોગ્રાફર છે. ફોટોગ્રાફીની પહેલી જનરેશનની સમાજના પરિવેશ અને દૃષ્ટિકોણ પર જે અસર પડી હતી તે આજની ડિજીટલ ફોટોગ્રાફીની સમાજ પર કેવી અને ક્યા પ્રકારની અસર છે, એ સમાજને ક્યા પ્રકારનો દિશા દોર આપી શકશે એની સમજ યુવા વર્ગ માટે બહૂજ ઉપયોગી છે.

સી.એ. જતીનભાઇ જયચંદ લોડાયા (નલીયા-ચેંબુર) અને તેમના સાથીઓએ પીરામલ આર્ટ ગેલેરી, એનસીપીએ, નરીમાન પોઇંટ, મુંબઇ ખાતે ૨૩-૧૧-૨૦૧૮ના સાંજે ૫ થી ૮ દરમિયાન પરિસંવાદનું આયોજન કર્યું છે. જે ફોટોગ્રાફી ક્ષેત્રે આ પ્રકારનું પ્રથમજ છે. પરિસંવાદ ઉપરાંત ૨૩ થી ૨૫ નવેમ્બર દરમ્યાન બપોરના ૧૨ થી સાંજે ૫ વાગ્યા સુધી ફોટોગ્રાફી પ્રદર્શની પણ યોજી છે.

અત્રે નોંધવું રહ્યું કે કેપીએમજી, પ્રાઇસ, વોટરહાઉસ વગેરે જેવી સીએ ફર્મ્સમાં ૨૩ વર્ષની સીએની કેરિયરમાંથી જતીનભાઈએ પોતાની માત્ર ૪૪ વર્ષની વયે મુક્તિ મેળવી ગત પાંચ વર્ષથી અને ફોટોગ્રાફીના પેશનને જીવનધારા બનાવી છે.

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.